સુવિચાર
કોઈપણ કાર્યનું નિર્માણ કરો એ અવશ્ય પુરૂ થશે. મહત્વનાં નિર્ણય ન લેવાથી માણસ પાછળ રહી જાય છે.
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૧૦/૨૦૨૩, શનિવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવંત ૨૦૭૯ ભાદરવા વદ-અમાસ વર્ષ : ૧૫ અંક : ૨૫૩

## વન્ય પ્રાણી અને પર્યાવરણ વન્ય જીવન અને મરીન લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ દ્વારા

# ધારીનાં મોણવેલ ગામનાં પાવર પ્રોજેક્ટ અંગે ગ્રીન ટ્રિબ્યુનલમાં ફરિયાદ

### ધારી સોલાર પાર્ક પ્રા. લિ. દ્વારા ચાલી રહેલ કોમર્શિયલ પ્રોજેક્ટનાં અમલવારીમાં થયેલ વિસંગતતા અંગે રજૂઆત કરી

### પ્રતિબંધિત પ્રવૃત્તિઓનાં દાયરામાં આવતી જમીન પર થતી કોમર્શિયલ ગતિવિધિ અંગે ફરિયાદ

### ગીરકાંઠા વિસ્તારમાં કરોડો રૂપિયાનાં ખર્ચે સાકાર થનાર પ્રોજેક્ટને લઈને વિવાદ શરૂ થતાં ચકચાર

### મંજૂરી આપનાર કે પ્રોજેક્ટ વિરૂધ્ધ આંખ આડા કાન કરનાર સૌ કોઈમાં ફફડાટ ફેલાયો

અમરેલી, તા. ૧૩
ધારીનાં મોણવેલ ગામે સાકાર થઈ રહેલ કોમર્શિયલ પ્રોજેક્ટ વિરૂધ્ધ ગ્રીન ટ્રિબ્યુનલમાં ફરિયાદ થતાં મહાકાય પ્રોજેક્ટની મંજૂરી આપનાર કે તેમની અમલવારીમાં આંખ આડા કાન કરનાર સૌ કોઈમાં ફફડાટ ફેલાયો છે.

વિગત એવા પ્રકારની છે કે, ગીરકાંઠે આવેલ ધારી તાલુકાનાં મોણવેલ ગામે સોલાર પ્રોજેકટની કામગીરી યુધ્ધનાં ધોરણે શરૂ થઈ હોય તે વખતે જ ગૌપાલક પર્યાવરણ વન્ય જીવન અને મરીન લાઈફ કન્ઝર્વેશન ટ્રસ્ટ ધ્વારા નવી દિલ્હી ખાતે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલમાં ફરિયાદ દાખલ કરીને પ્રોજેકટની અમલવારીમાં અનેક નિયમોનો ઉલાળીયો થયાનું જણાવવામાં આવેલ છે.

ગ્રીન ટ્રિબ્યુનલમાં દાખલ કરેલ ફરિયાદમાં જણાવેલ છે કે, ધારી સોલાર પાર્ક પ્રા.લિ. ધ્વારા ગીર નેશનલ પાર્ક અને વન્ય જીવ અભ્યારણ્યમાં ચાલી રહેલ કોમર્શિયલ પ્રોજેકટની મંજૂરીથી લઈને અમલવારીમાં વન્ય જીવો કે વન્ય સંપત્તિને નુકસાન થવાનું અનુમાન લગાવીને સમગ્ર પ્રોજેકટની કાયદેસરતા તપાસવાની માંગ કરવામાં આવી છે.

## હાવતડ ગામે ગયા ને પાછા ફર્યા નહી

# દામનગરનાં આશાસ્પદ કોળી યુવકનું સર્પ દંશથી મોત થતાં અરેરાટી

### સારવાર અર્થે લઈ જવાતાં હોય માર્ગમાં નિધન



દામનગર, તા. ૧૩
ન જાણ્યું જાનકીનાથે સવારે શું થવાનું છે. દામનગરમાં રહેતા તળ પદા કોળી સમાજના કિશનભાઈ ગોવિંદભાઈ મકવાણા (ઉ.વ. ૨૬ ) છૂટક મજૂરી કામકાજ કરતા હતા. તેઓ ગઈકાલે સાંજના સમયે બાજુમાં આવેલ હાવતડ ગામે ગયેલ ત્યાં સાપે દંશ દેતા સારવાર માટે અમરેલી લઈ જતા હતા ત્યારે ઈરિયા ગામ નજીક કિશનભાઈનું અવસાન થતાં તેમની અંતિમવિધિ આજે શુક્રવારે કરવામાં આવી હતી. આ બનાવથી દામનગર અને પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે. આશાસ્પદ યુવાનનું અકાળે અવસાન થતા તેમના પરિવારમાં શોક છે.

## બાબરા નજીક આવેલ

# દેવળીયાથી રાણપર જવાના રસ્તે જસદણ પંથકનાં આધેડે ઝેરી દવા પી કર્યો આપઘાત

### ભાણીયો છોકરી ભગાડી જતાં મામાએ પગલું ભર્યુ

અમરેલી, તા. ૧૩
જસદણ તાલુકાનાં જુંડાળા ગામે રહેતા જીતેન્દ્રભાઈ પરશોતમભાઈ બુટાણી નામનાં ૪૩ વર્ષિય આધેડનાં ઘરે તેમની બેન કોકીબેનનો દીકરો આવતો-જતો હોય. ત્યારે તે જુંડાળા ગામમાંથી એક છોકરી ભગાડી ગયેલ હોય તે વાતનું મનદુઃખ રાખી પોતાની મેળે ગત તા. ૧૧નાં રોજ બાબરા તાલુકાનાં દેવળીયાથી રાણપર ગામનાં રસ્તે ઝેરી દવા પી લેતા તેમનું મોત થયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## બપોરનાં સમયે ન્હાવા પડયા બાદ બહાર જ ન આવી શકયા

# અમરેલીનાં મોટા આંકડીયામાં આવેલ પાણાખાણમાં ડૂબી જવાથી મેહુલ મકવાણા નામનાં યુવકનું મોત

### અમરેલીની ફાયર ટીમે રેસ્કયુ કરીને યુવકનાં મૃતદેહને બહાર કાઢયો





અમરેલી, તા. ૧૩
અમરેલી જિલ્લામાં આજનો દિવસ યુવાનો માટે કાળ સાબિત થયો હોય ૨ યુવકોનાં અરેરાટીજનક મોતની ઘટના બની છે.

દામનગરમાં યુવકનું સર્પદંશથી મોત થયું તો અમરેલીનાં મોટા આંકડીયા ગામનાં મેહુલ સાર્દુરભાઈ મકવાણા (ઉ.વ. ૩૫) નામનો યુવક બપોરે પાણાખાણમાં ન્હાવા પડતાં તેઓ પાણીમાં ડૂબી જતાં ગામનાં ઉપસરપંચે અમરેલીની ફાયર ટીમને જાણ કરતા ફાયર ટીમ ઘટના સ્થળે દોડી જઈને યુવકનાં મૃતદેહને રેસ્કયુ કરીને બહાર કાઢેલ હતો.

## જાફરાબાદ નજીક આવેલ

# ભાકોદર ગામની ધો. ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષિય સગીરાનું સર્પદંશથી મોત

### મૃતકની અંતિમયાત્રામાં ગામજનો જોડાયા




દામનગર, તા. ૧૩
ભાકોદર ગામની ધો. ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય વિદ્યાર્થીનીનું પોતાના ઘરે ઝેરી સાપે દંશ દેતા કરૂણ મોત.

આ કરૂણ બનાવની જાણવા મળેલ વિગત મુજબ અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ભાકોદાર ગામમાં રહેતા શ્રમિક બિજલભાઈ પરમારની ધો. ૮માં અભ્યાસ કરતી ૧૪વર્ષની દીકરી કિંજલ ગત બુધવારના રોજ સવારના સાડા દસ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોડામાં ચાવી મૂકવા જતા આવી ચડેલ ઝેરી કોબ્રાએ કિંજલને હાથે દંશ દેતા સ્થળ પર જ મોત નિપજયું હતું. રાજુલા હોસ્પિટલે લઈ જવામાં આવેલ પરંતુ હાજર ડોકટરે તપાસતા મૃત જાહેર કરેલ.

આ બનાવની જાણ સર્પ સંરક્ષણ મંડળ રાજુલાના પ્રમુખ અશોકભાઈ સાંખટને કરતા ભાકોદર પહોંચીને ઝેરી સાપને કલાકોની મહેનત બાદ પકડીને જંગલમાં છોડી

અનુસંધાન પાના ૬ ઉપર

શુભ પ્રસંગોને કાયમી સંભારણું બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
અમરેલી શહેરનું નવલું નઝરાણું...
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ...
શહેરની મધ્યમાં ''રાજકમલ ચોક''માં ભવ્ય રોયલ પેરેડાઇઝ કોમ્પ્લેક્ષમાં સુંદર, સુશોભિત, સગવડતા સાથે...



લગ્નપ્રસંગ ▪ સંગીતસંધ્યા ▪ ચાંદલાવિધિ ▪ રીશેપ્શન ▪ બર્થડે પાર્ટી ▪ શ્રીમંતવિધિ ભજન–ડાયરો ▪ વિવિધ સંસ્કારો માટે ▪ નાટક ▪ સ્કૂલ એન્યુઅલ ફંકશન કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મિટીંગો ▪ એવોર્ડ ફંકશન ▪ પ્રાર્થનાસભા ▪ બેસણું.
વિવિધ પ્રસંગો માટે ૫૦ વ્યકિતથી ૫૦૦ વ્યકિતની કેપેસીટી (જગ્યા) ધરાવતું આધુનિક સગવડતાઓ સાથે અલ્ટ્રા મોર્ડન ૪ નાના-મોટા બેન્કવેટ એ.સી. ફંકશન હોલનું બુકિંગ શરૂ થઇ ગયું છે.
વ્યાજબી ભાડુ ▪ યોગ્ય કેટરર્સ ▪ ડેકોરેશન વિવિધ સર્વિસ સાથે...
: સ્થળ :
રોયલ પેરેડાઇઝ કોમ્પ્લેક્ષ, રાજકમલ ચોક, ટાવર રોડ, અમરેલી.
: સંપર્ક :
પિનાકીનભાઈ ચિતલીયા : મો. ૯૮૨૦૦ ૨૮૦૦૪ / ૮૩૫૬૮ ૪૯૧૯૩

NCT
**NETRA CHIKITSA AYURVED COLLEGE**
CHITTAL ROAD, AMRELI , GUJARAT 365601

**REQUIREMENT OF TEACHING STAFF**
Netra Chikitsa Ayurved College invites applications for the following
TEACHING STAFF for BAMS Course

| Sl no | Name of the post | Department | Nos |
|---|---|---|---|
| 1 | Assistant professor | Sahrir kriya | 1 |
| 2 | Asst professor | sharir rachana | 1 |
| 3 | Assistant professor | Rognidhan | 1 |
| 4 | Associate professor | samhita | 1 |
| 5 | Associate professor | Panchakarma | 1 |
| 6 | Associate professor | RSBK | 1 |
| 7 | Associate professor | Sharir rachana | 1 |
| 8 | Associate professor | Shalakhya | 1 |

1) Above mentioned post is on regular basis.
2) Educational qualification and Experience required (If) are as per the Recruitment Rules of Gujarat Ayurved University, Jamnagar.
3) Detailed advertisement , recruitment rules and other details can be found on https://www.nctayurvedacollege.in/and www.ayurveduniversity.edu.in
4) In service candidate should attach no objection certificate or produce it at the time of interview.
5) Contact no 9978966629
Email : netramayu@gmail.com
6) The Soft copy of the application along with CV should reach the college on or before 20/10/23 through netramayu@gmail.com

Date : 13-10-2023

Management
Netra Chikitsa Trust

Netra Chikitsa Ayurved College
Chittal Road, Amreli, Gujarat
365601

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઇનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઇ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

પ્રવેશ કાર્ય શરૂ છે
મુકેશ જાની કોલેજ અમરેલી
▪ આર્ટસ પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ બી.સી.એ. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ બી.એસ.સી. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
▪ D.M.L.T. પ્રથમ વર્ષમાં પ્રવેશ શરૂ છે
આજે જ સંપર્ક કરો
જેશીંગપરા, રંગપુર રોડ, અમરેલી.
મો.નં. ૯૪૨૭૨ ૪૯૨૫૬

### નવરાત્રિમાં દિવસો નજીકમાં હોય

# કુંકાવાવમાં બપોર બાદ અર્ધો ઈંચ વરસાદ : ખેતીપાકોને વ્યાપક નુકસાન

## ૩ કલાકમાં અર્ધો ઈંચ વરસાદ પડયો

કુંકાવાવ, તા. ૧૩

કુંકાવાવ અને આસપાસનાં વિસ્તારમા બપોર બાદ ભારે અંધારૂ થતા વરસાદી વાતાવરણ બંધાયું હતું. જેમા અનેક જગ્યાએ નાના–મોટા ઝાપટા તો કયાંક ભારે ઝાપટા પડતા ખેતીનાં પાકને ભારે નુકશાન થયાનું ખેડુતો જણાવી રહયા છે. જયારે હાલમાં સોયાબીન અને મગફળીનો પાક તૈયાર હોય જેને બચાવવા માટે ખેડૂતો આમ તેમ મહેનત કરતા નજરે પડયા હતા. જયારે ભારે ગરમી ભર્યા વાતાવરણમાં થોડી રાહત મળી હતી. આમ સાંજે ૫ વાગ્યા બાદ સારો એવો વરસાદ સાંજ સુધી વરસતા ચોમાસા જેવો માહોલ બંધાયો હતો. જયારે થોડા વરસાદથી ફાયદાને બદલે નુકશાન વધુ થઈ રહયું છે. ત્યારે ભારે અંધારૂ હોય હજ વધુ વરસાદ પડે જેવી સ્થિતિ જોવા મળી રહી છે. આમ ૩ કલાકમાં અડધા ઈંચ જેટલો વરસાદ વરસતા ખેડૂતોની ચિંતા વધારી છે

### મંડળીના સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆની આગેવાનીમાં

# બગસરા મંડળી દ્વારા ૧૫% ડિવિડન્ડ વિતરણનો શુભારંભ કરતા પોલીસ અધિક્ષક હિમકરસિંહ

## મંડળીના કુલ ૧૯૦૯૮ સભાસદોને ૧૫% લેખે ૪૬ લાખ ઉપરાંતનું ડિવિડન્ડ વિતરણ કરાશે



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૩

બગસરા નાગરિક શરાફી મંડળીનાં વર્ષ ૨૦૨૨/૨૩નાં સભાસદોને ૧૫% લખે રૂા.૪૬,૧૫,૪૬૯ ડિવિડન્ડ વિતરણનો શુભારંભ અમરેલી જિલ્લા એસ.પી.હિમકરસિંહના વરદ હસ્તે કરવામાં આવેલ.

મંડળીએ વર્ષ– ૨૦૨૨ – ૨૩ દરમ્યાન કુલ – ૩,૦૦,૧૨,૩૧૧ નો નફો કરેલ જેમાંથી નિયમાધિન સભાસદનું જમાં શેરભંડોળ ઉપર ૧૫% ડિવિડન્ડ ફાળવવામાં આવેલ મંડળીનાં સ્થાપક ચેરમેન રશ્વિનભાઈ ડોડીઆએ સભાસદોનો મંડળી પ્રત્યેનો વિશ્વાસને વધુ મજબુત કરવા જહેમત ઉઠાવી રહેલ છે. આ તકે અમરેલી પોલીસવડા હિમકરસિંહએ મંડળીની પ્રગતિને બિરદાવેલ.

આ ડિવિડન્ડ વિતરણ સમારોહમાં મંડળીનાં જનરલ એમ.ડી. નિતેષ ડોડીઆ, બગસરા પીઆઈ ગીડા, ડિરેકટર હરીભાઈ ભટ્ટી, મહેશભાઈ વ્યાસ, યુસુફભાઈ ભારમલ, પ્રકાશભાઈ ભરખડા, વિણાબેન સરવૈયા જનરલ સેક્રેટરી ડી.જી.મહેતા સહિતનાં સભાસદો ઉપસ્થિત રહેલ તેમ મંડળીનાં આસીસન્ટન્ટ જનરલ સેક્રેટરી પ્રવિણસિંહ રાઠોડની યાદી જણાવે છે.

### બાળકોએ પોકેટ મની બચાવીને ગિફટ આપી

# સા.કુંડલાની સનરાઇઝ સ્કૂલની વિદ્યાર્થીની મૈત્રી દોશીનાં જન્મદિનની પ્રેરણાદાયી ઉજવણી

## સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટીએ બાળકોને પ્રોત્સાહીત કર્યા



સાવરકુંડલા, તા. ૧૩

આ કોલેજ કે હાઈસ્કૂલના વિદ્યાર્થીઓની વાત નથી. આ બાળકો છે, ધોરણ ચારના વર્ગના એટલે કે ફકત નવ વર્ષની વયનાં.. હવે વાત એમ છે કે ધોરણ ચારના વર્ગમાં સાવરકુંડલા ની સનરાઈઝ સ્કુલમાં અભ્યાસ કરતી મૈત્રી મિરલબેન સૌરભભાઈ દોશીનો જન્મદિવસ હતો, તો આ બાળકોએ પોતપોતાના પોકેટમની એકાદ અઠવાડિયાનાં એકઠા કરી મૈત્રીબેનને ચાંદીની એક સુંદર કલાત્મક લકી ભેટ આપી હતી. દોશી પરિવારે પણ ધોરણ ચારના વર્ગના તમામ બાળકોને એક એક શૈક્ષણિક કીટ ભેટ આપી હતી. આ પ્રાથમિક કક્ષાનાં ભૂલકાઓ વામન હોવા છતાં વિરાટ કાર્ય કરવાનો વિચાર આવવા બદલ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણે ખૂબ જ પ્રોત્સાહિત કર્યા હતા.

### એડવોકેટ આર.ડી. માધડની દલીલો સફળ રહી

# અમરેલીનાં મોબાઈલ ચીલઝડપ કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો

## એડવોકેટ ઉત્પલ માધડ સહયોગમાં રહ્યા

અમરેલી, તા. ૧૩

અમરેલી સીટી પોલીસ સ્ટેશનના મોબાઈલ ચીલ ઝડપ ગુન્હાના આરોપીને નિર્દોષ છોડી મુકવામાં આવેલ છે.

બનાવની વિગત એવી છે કે, તા. ૧૪/૯/૨૨ નાં રોજ જુના રાજમહેલ કેમ્પસના અડીને આવેલ વિસ્તારમાં એક મહિલા રસ્તા ઉપર ચાલી જતી હતી ત્યારે મહિલાના હાથમાં રહેલ મોબાઈલ ચીલ ઝડપ કરવાના કામે બે આરોપી પૈકી ઈરફાન સૈયદ હુસૈનને અમરેલી સીટી પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૧૯૩૦૦૩૨૨૦૮૬૮/૨૦૨૨ થી ગુન્હો દાખલ કરી જેમાં આઈપીસી કલમ–૩૭૯, (એ), (૧), ૧૧૪, મુજબ ગુન્હો દાખલ કરેલો અને બન્ને આરોપીને પોલીસે અટક કરેલ. જે અમરેલી સેશન્સ કોર્ટમાં કેસ કમીટ થઈ પુરાવો શરૂ કરવામાં આવેલ. જે કામે આરોપી નં. ૨ તરફે એડવોકેટ આર.ડી. માધડ તથા ઉત્પલભાઈ માધડ બચાવ પક્ષે કામ કરેલ. જે કોર્ટમાં પુરાવો અને સાક્ષીઓ તપાસવામાં આવેલ જે કોર્ટની કાર્યવાહી દરમ્યાન તમામ સાક્ષીઓના પુરાવાઓ લીધા બાદ કોર્ટે આરોપી નં. ૨ નાં એડવોકેટ આર.ડી. માધડે બચાવ પક્ષે દલીલો સાંભળી આરોપી ઈરફાન સૈયદ હુસૈનને આ કામે નિર્દોષ છુટકારો કરવામાં આવેલ.

### ધારાસભ્ય કાકડીયાના હસ્તે

# ચલાલા ખાતે આધારકાર્ડ સુધારા કેમ્પનો પ્રારંભ

## પોસ્ટ કર્મીઓ ઉપસ્થિત રહ્યા



ચલાલા, તા. ૧૩

ચલાલા પોસ્ટ ઓફીસ ખાતે આધારકાર્ડ સુધારા કેમ્પમાં હાજર રહીને ધારાસભ્ય જે.વી. કાકડીયાએ શુભારંભ કરાવ્યો. આ તકે પોસ્ટ માસ્તર મકવાણા, કમલેશભાઈ વિઠલાણી, સુનિલભાઈ સરવૈયા સહિતના પોસ્ટ કર્મચારી ઉપસ્થિત રહ્યા હતા.

# અનુબંધમ વેબ પોર્ટલનાં માધ્યમથી રોજગાર કચેરી અને આઇટીઆઇ દ્વારા ૧૯ ઓકટો.થી ભરતી મેળો

## વધુ વિગત માટે રોજગાર અધિકારીઓનો સંપર્ક કરો

અમરેલી, તા. ૧૩

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળાનું આયોજન કરવામાં આવે છે.

જિલ્લા રોજગાર કચેરી અને આઈ.ટી.આઈ. ખાંભા દ્વારા સંયુકત ઉપક્રમે ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમો ખાતે ખાલી જગ્યાઓને અનુરૂપ ૧૮ થી ૩૫ વર્ષની વય મર્યાદા, ધોરણ–૧૦ થી ધોરણ–૧૨ પાસની લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુક માટે આઈ.ટી.આઈ. ખાંભા ખાતે તા.૧૯/૧૦/૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ વાગ્યે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતીમેળો યોજાશે.

આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan. gujarat. gov. in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે.

વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, બહુમાળી ભવન, સી–બ્લોક, પહેલો માળ, અમરેલીનો સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### અમરેલી નજીક આવેલ

# ખીજડીયા ગામે સામાન્ય બાબતે મારામારીની ઘટના બની

અમરેલી, તા. ૧૩, અમરેલી તાલુકાનાં ખીજડીયા–રાદડીયા ગામે રહેતા અને પશુપાલનનો ધંધો કરતાં રઘુભાઈ નાજાભાઈ ગળીયા નામનાં ૩૬ વર્ષિય યુવક તથા મેરામભાઈ કાનાભાઈ ગળીયા બન્ને ખીજડીયા રાદડીયા ગામે બસ સ્ટેન્ડ પાસે આવેલ બાંકડા ઉપર બેઠા હતા. ત્યારે બુલેટ મોટર સાયકલ ઉપર ત્રણ અજાણ્યા આરોપી ઈસમો લાઠી તાલુકાનાં અડતાળા ગામવાળા ત્યાં આવી રઘુભાઈને કહેલ કે તું અમારી સામે જોઈને કતરાશો શું કામ ? તેમ કહી લાકડી વડે માર મારી ઈજા કરી તથા મેરામભાઈ વચ્ચે પડતા તેમને પણ ઈજા કર્યાની ફરિયાદ નોંધાઈ છે.

### ગાવડકા માર્ગ ઉપર નિર્માણાધિન

# અમરેલીનાં સારહિ તપોવન આશ્રમ ખાતે આવતીકાલે ગાયત્રીયજ્ઞ યોજાશે

## 'નવકાર ગૃપ' દ્વારા આહુતી આપવામાં આવશે



અમરેલી, તા.૧૩

નિરાધારનો આધાર સારહિ તપોવન આશ્રમ ખાતે સ્વપ્ન દ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર બની રહેલા તપોવન આશ્રમનું નિર્માણ કાર્ય થાય ત્યાં સુધી દર રવિવારે ગાયત્રી યજ્ઞ થાય છે. તેમાં આ રવિવારે તા.૧૫/૧૦/૨૦૨૩ ના રોજ નવકાર ગ્રૃપ ગાયત્રી યજ્ઞમાં આહુતિ આપશે, જેમાં જતીનભાઈ મહેતા, કેતનભાઈ મહેતા, સંદીપભાઈ ત્રિવેદી, સજોડે પરિવાર સોથ યજ્ઞમાં બેસશે અને માતાજીના પ્રથમ નોરતાએ નવકાર ગ્રૃપ યજ્ઞમાં આહુતિ આપી માતાજીની આરાધનાં શરૂ કરશે અને તપોવન આશ્રમના થતા નિર્માણની મુલકાત લેશ. હવેથી દરેક રવિવારે શહેરમાં આવેલા ગ્રૃપ આ યજ્ઞમાં જોડાશે યજ્ઞનાં દર્શનનો સમય સવારે ૧૦ થી ૧૨:૩૦ સુધીનો રહેશે તેમ યાદી જણાવે છે.

### પરીક્ષામાં નાપાસ થયેલ વિદ્યાર્થીનીનો ઉત્સાહ વધાર્યો

# કોવાયા ખાતે અલ્ટ્રાટેક સિમેન્ટ કંપનીનાં સીએસઆર કોમ્યુનિટી ટ્રેનિંગ સેન્ટરની ઉમદા કામગીરી

## વિદ્યાર્થીનીઓ પુનઃ પરીક્ષા આપીને પાસ થઈ



તસ્વીર : વાઘ સુમરા–કોવાયા

અમરેલી, તા.૧૩

સીએસઆર નાણાકીય વર્ષ ૨૦૨૨–૨૩માં કોવાયા ગામ ખાતે એવી છોકરીઓ માટે એક સર્વે હાથ ધર્યો કે જેઓ તેમનાં શૈક્ષણિક સત્રોમાં એસએસસીની પરીક્ષામાં પાસના થયા હોય અને હતાશા સાથે આગળ ભણવાનું છોડી દીધું હોય.

સર્વેક્ષણનાં ના અનંતે આવી ઘણી બાબતો નોંધપાત્ર હતી જેવી કે તેઓ ૨૦૧૫ થી ૨૦૨૧ સુધીની શાળામાંથી ભણવાનું છોડી દિધેલ તેમનું મનોબળ નીચું હતું અને આત્મવિશ્વાસ અને માર્ગદર્શનનાં અભાવે નિષ્ફળતા પછી તેઓએ એસએસસી પરીક્ષમાંથ ફરી આવવાનો પ્રયાસ કર્યો ન હતો.

ગામમાં સ્પેશિયલ કોચિંગ કલાસની અનુપલબ્ધતા પણ એક મોટું કારણ હતું. દીકરીઓનાં અભ્યાસ ચાલુ રાખવા માટે તેમના પરિવાર તરફથી પ્રોત્સાહન અને સમર્થનનો અભાવ વગેરે કારણેના જાણ્યા બાદ સીએસઆર દ્વારા ડ્રોપઆઉટ થયેલ વિદ્યાર્થીનીઓના માતા–પિતા સાથે મળીને તેમનું શિક્ષણ ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરાયા પરિણામ સ્વરૂપ પંદર વિદ્યાર્થીનીઓ કાઉન્સેલિંગ બાદ તેમનું શિક્ષણ ચાલુ રાખવા તૈયાર થઈ હતી.

૨૨ ડિસેમ્બરથી ૨૩ માચૃ સુધી સીએસઆર કોમ્યુનિટિ ટ્રેનિંગ સેન્ટર ખાતે એસએસઆર ડ્રોપઆઉટ ગર્લ વિદ્યાર્થીઓ માટે વિશિષ્ટ કોચિંગ કલાસનું આયોજન કર્યુ હતું. કોચિંગનો સમયગાળો ત્રણ મહિનાનો હ તો.

જો કે તેઓ અભ્યાસ છોડયા ત્યારથી અભ્યાસ પુનઃપ્રાપ્ત કરવનો સમયગાળો તેમના માટે પડકારજનક હતો. તેમ છતાં અમે તેમને પ્રોત્સાહિત કરવાનો અને તેઓ તેમની પરીક્ષા પાસ ન કરે ત્યા સુધી સીએસઆરનાં માર્ગદર્શન હેઠળ રાખવાનો પ્રયાસ કરાયો હતો.

પંદર છોકરીઓએ એકએસસીની એસએસસી પરીક્ષા આપી હતી અને જે વિદ્યાર્થીઓનું પરીક્ષા કેન્દ્ર અમરેલીમાં હતું તેમને ટ્રાન્સપોર્ટની સુવિધા પણ સીએસઆર દ્વારા પુરી પાડી હતી. પ્રયાસનાં પરિણામ સ્વરૂપ ચાર છોકરીઓ એસએસસી પરીક્ષામાં પાસ થઈ માર્ચ–૨૦૨૩ મા એક છોકરીએ પરીક્ષા પાસ કરી અને જુલાઈ–૨૦૨૩ માં ત્રણ છોકરીઓએ પરીક્ષા પાસ કરી. લાંબાગાળાથી અભ્યાસ છોડિયાનો લાંબો સમય જોતા આ પરિણામ પ્રોત્સાહક છે. લાંબા ગાળા પછી ફરી પરીક્ષા દેવાની તેઓની તૈયારી પ્રશંસાપાત્ર હતી. ઉત્તરણીય થયેલ વિદ્યાર્થીની સફળતા જોઈ બાકીની વિદ્યાર્થીની ખુબ જ પ્રેરિત થઈ અને આગામી એસએસસી પરીક્ષામાં દેવામાં તે ઉત્સુક છે. સીએસઆર દ્વારા બહેનોના સર્વાગી વિકાસ અર્થે વિવિધ પ્રયાસો કરવામાં આવે જેમાં અભ્યાસ પ્રત્યે તેમનું વલણ હકારત્મક થવું એ નોંધપાત્ર સફળતા છે.

# સાવરકુંડલા ખાતે યુવા નેતા મનિષ સંઘાણીની ઉપસ્થિતિમાં ''મેરી મિટ્ટી મેરા દેશ'' કાર્યક્રમ યોજાયો



ભારતના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના આહવાનથી સમગ્ર ભારત દેશની માટીને નમન અને વિરોને વંદન હેતુ મારી માટી, મારો દેશ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે ગુજરાત પ્રદેશ ભારતીય જનતા યુવા મોરચાના ઉપાધ્યક્ષ મનીષ સંઘાણીની ઉપસ્થિતિમાં અમરેલી જીલ્લા ભારતીય જનતા યુવા મોરચા દ્વારા સાવરકુંડલાની માધવજી રાવજી સંઘવી કોમર્સ કોલેજ અને શ્રીમતિ વી.ડી. ઘેલાણી મહિલા કોલેજ ખાતે યુવાનો સંપર્ક સાધી યુવાનોમાં દેશ દાજ જાગે તેના માટે કોલેજ ખાતે યુવાનો સંપર્ક સાધી માટી એકત્રિત કરી હતી. ત્યારે અમરેલી જીલ્લા ભારતીય જનતા યુવા મોરચાના અધ્યક્ષ ચેતનભાઈ શીયાળ, મહામંત્રી મૌલીકભાઈ ઉપાધ્યાય અને સાવરકુંડલા તાલુકા યુવા મોરચાના કાર્યકર્તા અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### અગાઉ કરેલ રજુઆતનું કોઈ પરિણામ ન મળતા

# બાબરાનાં પ્રાથમિક શિક્ષકોને બીએલઓની કામગીરી મળતા મામલતદારને રજુઆત

### ચૂંટણીપંચનાં પરિપત્રની અમલવારી ન થાય તો આંદોલન

અમરેલી, તા. ૧૩

બાબરા તાલુકા પ્રાથમિક શિક્ષક સંઘ બી.એલ.ઓ. હુકમ સંદર્ભે મામલતદાર કચેરીમાં સંબંધિત વિભાગને રજુઆત કરવા માટે ગયેલ અને અગાઉ પણ બી.એલ.ઓ.ઓર્ડર સંદર્ભ રજુઆતો કરેલ છતા પણ પ્રાથમિક શિક્ષણ કર્મચારીઓને જ આ કામગીરી સોંપવામાં આવેલ છે. ચુંટણીપંચની ગાઈડ લાઈન પ્રમાણે બધા વિભાગોને આ કામગીરી સોંપવાની સ્પષ્ટતા પરિપત્ર દ્વારા કરવામાં આવેલ છે. છતા આ એક વિભાગને જ સોંપવામાં આવે છે. જે શિક્ષણ વિભાગનાં કર્મચારીઓમાં અસંતુષ્ટી ઉભી કરેલ છે. તો હવે પછી ચુંટણીપંચનાં પરિપત્રનું અમલીકરણ કરવામાં નહી આવે તો આંદોલન કરી ગાંધી ચિંધ્યા માર્ગે જવાની જરૂરીયાત ઉભી થશે તેવું લાગી રહયું છે.

આ બાબતની રજુઆતમાં બાબરા પ્રાથમિક શિક્ષક સંઘનાં પ્રમુખ અજયભાઈ કુદડ મંત્રી સંજયભાઈ વસાણી ખજાનચી જીતુભાઈ તળાવિયા તથા કારોબારી જયેશભાઈ ઝુંજરિયા, દિપકભાઈ કોઠિવાળ, વિપુલભાઈ ત્રિવેદી, અભદિપભાઈ સરવૈયા ગૌરાંગભાઈ સોની, રજનીભાઈ કોરાટ તથા જેઠવા ભાવેશભાઈ વગેરે હાજર રહી ઉગ્ર રજુઆત કરેલ.

### ભાજપ, સંઘનાં ભ્રામક પ્રચારથી દૂર રહો

# લોકસભાની ચૂંટણી નજીકમાં હોવાથી જનતાને ગુમરાહ કરવાનો પ્રયાસ શરૂ

### બહુજન આર્મીનાં પ્રમુખ શાંતિલાલ રાણવાનું નિવેદન

અમરેલી, તા. ૧૩

લોકસભાની ૨૦૨૪ની ચૂંટણી જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ સંઘ પરિવાર, વિશ્વ હિંદુ પરિષદ, બજરંગદળ, ભાજપ જાત જાતની યાત્રાઓ જેવી કે કળશ યાત્રા, મેરી મીટી મેરા દેશ, શૌર્ય યાત્રા, રામયાત્રા વિગેરેના આયોજન કરીને ગામે ગામ લોકોને ભરમાવી રહ્યા છે. સંઘ પરિવારે દલિત વસ્તીમાં જવાનો આદેશ કર્યો છે તેથી ગામોમાં દલિતવાસમાં મુલાકાતો લઈ દલિતોને



ભોળવી રહ્યાં છે. હિંદુ તરીકે સ્વીકાર કરવાની જાહેરાત કરતા નથી, અત્યાચારો નહિ થવા દઈએ તેવું કહેતા નથી, ઓબીસીને મહિલા અનામતનું ડીંડક ઉભું કરીને બેવકુફ બનાવ્યા. અમલના ઠેકાણા નથી તેને પણ ભરમાવી રહ્યા છે. લઘુમતિની તો કોઈ કિંમત જ નથી. દલિત–આદિવાસીઓની અનામત ખતમ કરી દીધી, સંવિધાન બદલીને મનુસ્મૃતિ લાદવાનો ગુપ્ત એજન્ડા ઉપર કામ કરી રહ્યા છે. આગામી જાન્યુઆરીમાં રામ મંદિરનું ઉદઘાટન કરીને ભારતને રામમય કરવાનાં પેંતરા કરીને ધાર્મિક ઉન્માદ ફેલાવવા, હિંદુ મતોનું ધ્રુવીકરણ કરવા જબરદસ્ત આયોજન થઈ રહ્યા છે. દેશમાં ગૃ શુધ્ધા ફાટી નીકળે તેવી સ્થિતિ પેદા કરીને પણ લોકસભા જીતવી છે. આ તમામ બાબતો ઉપર જનતા અત્યારથી જ વિચાર કરીને આ બધાની જાળમાં ન ફસાઈ જવા રાણવાએ વિનંતિ કરેલ છે. મોંઘવારી, બેરોજગારી, ભ્રષ્ટાચાર, આંતરીક સલામતી, લોકોના જાનમાલનું રક્ષણ મોરચે નિષ્ફળ ગયેલ સરકારને જવાબ આપવા દેશની સમગ્ર જનતા મન બનાવી લે તેવી હાંકલ રાણવાએ કરેલ છે.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

### જસાધાર વન વિભાગ ગાઢ નિંદ્રામાં રહેતા જાગૃત નાગરિકે કરી કામગીરી

# ઉના પંથકમાં વન વિભાગે જાગૃત નાગરિકની જાણકારી બાદ ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રક ઝડપી લીધો

### જસાધાર રેન્જમાં ચાલતા ભ્રષ્ટાચારના કારણે અનેક વિરપ્પન સક્રીય



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા.૧૩

એક તરફ સરકાર દ્વારા વૃક્ષો વાવો પર્યાવરણ બચાવોની ઝુંબેશ ચલાવવામાં આવે છે.પરંતુ જશાધાર રેન્જમાં ભ્રષ્ટ અધિકારીઓ અને કર્મચારીઓ વીરપ્પનનો સાથે ભળી જઈને વૃક્ષોનું ભારે માત્રામાં છેદન કરી ગેરકાયદેસર વેપલો કરી રહ્યા છે. ઉના તાલુકામાં થઈ રહેલ વૃક્ષોનું છેદન અન્ય જિલ્લાઓમાં વિવિધ વાહનો મારફતે પગ કરી જાય છે.

જસાધાર વન વિભાગ ધુતરાષ્ટ્રની ભૂમિકા ભજવી રહ્યું હોય તેવું વન્ય પ્રેમીઓ અહેસાસ કરી રહ્યા છે ત્યારે ઉના ધોકડવા રોડ પર આવેલ કંસારી ગામના બાયપાસ નજીકથી ગેરકાયદેસર લાકડાનો જથ્થો અન્ય જિલ્લામાં ઘર કરી જાય તે પહેલા વન વિભાગને આ ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રક અંગેની બાતમી જાગૃત નાગરિકે આપતા વન વિભાગે સ્થળ પર આવી ટ્રક ચાલકને ઝડપી પાડી દંડ વસૂલ કરી મુક્ત કર્યો હતો.

ઉનાના કંસારી બાયપાસ નજીકની જગ્યામાં ગેરકાયદેસર લાકડાનો સ્ટોક એકઠો કરી આ લાકડાનો જથ્થો ટ્રકમાં ભરાઈ રહ્યો હોય ત્યારે જાગૃત નાગરિક દ્વારા આ ગેરકાયદેસર લાકડા ભરેલ ટ્રકની બાતમી વનવિભાગને આપતા વન વિભાગ દ્વારા સ્થળ પર આવી તપાસ કરતા ટ્રક નંબર જીજે ૦૩ ડબલ્યુ ૮૨૩૩ વાળા ટ્રકમાં ભરેલ લાકડાની હેરાફેરી કરવા માટેના કાગળો માગતા મળી ન આવતા ટ્રક ચાલક રાજેશ કાળુભાઈ પરમાર રહે મોઠા તા.ઉના વાળાઓને ૧૫ હજારનો દંડ ફટકારી છોડી મૂકવામાં આવ્યો હતો ત્યારે આ ગેરકાયદેસર લાકડા કોની પાસેથી લેવામાં આવ્યા હતા.કોને આપવાના હતા અને છેલ્લા કેટલા સમયથી આ લાકડાનું કારસ્તાન ચલાવાઈ રહ્યું છે. તેમજ આ ગેરકાયદેસર લાકડાના સપ્લાયના ધંધામાં અન્ય કોણ કોણ વ્યક્તિઓ સામેલ છે તેની પણ જવાબદાર અધિકારી દ્વારા તપાસ કરવામાં આવે તેવી પર્યાવરણ પ્રેમીઓ દ્વારા માંગ ઉઠવા પામી હતી.

### સીટી પીઆઈ એસ.એમ. સોનીનાં અધ્યક્ષસ્થાને

# સાવરકુંડલા ખાતે નવરાત્રિ અને ક્રિકેટ મેચ અનુસંધાને શાંતિ સમિતિની બેઠક યોજાઈ

### હિન્દુ, મુસ્લિમ સમાજનાં આગેવાનો ઉપસ્થિત રહ્યા

સાવકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના એસ.એમ. સોનીના અધ્યક્ષ સ્થાને આગામી તહેવારો અને મેચને લઈ શાંતિ સમિતિની એક બેઠક યોજાઇ હતી. જેની અંદર પાલિકા પ્રમુખ મેહુલ ત્રિવેદી, ઉપપ્રમુખ પ્રતિક નાકરાણી, મુસ્લિમ સમાજના અગ્રણીઓ અને સાવરકુંડલા શહેરમાં ગરબી આયોજક, જ્ઞાતિ મુજબના આયોજકો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં સરકારની ગાઈડ લાઈન મુજબ જે નીતિ નિયમો છે તે બાબતની માહિતી આપવામાં આવી હતી. ખાસ કરીને આરોગ્યની સુવિધાઓ ઉપલબ્ધ કરાવી જ્ઞાતિના ગરબામાં અન્ય વ્યકિતઓ ન આવી જાય તે માટે પાંચ સિસ્ટમ અથવા તો એન્ટ્રી ગેઈટ ઉપર ઓળખ માટેની વ્યવસ્થા કરાવવી, પાર્કિંગ અજવાળામાં થાય તેવી વ્યવસ્થા કરવી



તેમ જ સરકારની ગાઈડ લાઈન મુજબ બે બેનરો સરકારી યોજનાની પ્રસિદ્ધિ વાળા ખાસ મૂકવા જેવી મહત્વની સૂચનાઓ આપવામાં આવી હતી.

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેક્સના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેક્સના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪







તક ને તેડા ના હોય...
૫ વસ્તુનો બાથરૂમ સેટ
■ડોલ (૨૫ લી.) ■પાટલો ■ ટમ્બલર
■સોપ હોલ્ડર ■ બ્રસ હોલ્ડર
માત્ર રૂા. ૩૫૦/–માં
નવા વર્ષના પંચાગ આવી ગયેલ છે.
છુટક તથા હોલસેલ મેળવવા માટે સંપર્ક કરો
ગજાનન ન્યુઝ એજન્સી
રાજકમલ ચોક, નગરપાલીકા નીચે ફોન :૨૨૦૦૦૬




''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
જોઇએ છે
અમરેલી એક્સપ્રેસ કાર્યાલય માટે નીચેની જગ્યા માટે નિમણુંક કરવાની હોય ઇચ્છુક વ્યકિતઓએ સંપર્ક કરવો.
કોમ્પ્યુટર ઓપરેટર.........................૪
CorelDraw, Photoshop, PageMaker 7 તથા ગુજરાતી ટાઇપીંગનાં અનુભવી
ઓફિસબોય.................................૧
ઓફિસનાં પરચુરણ કામકાજ માટે
રૂબરૂ મળવાનો સમય : ૧૨:૩૦ થી ૧:૩૦
''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક
કાર્યાલય : અમરેલી જીલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.
ફોન : (૦૨૭૯૨) ૨૨૮૪૨૨












# વાર્તા–વૈભવ

## ઓન ધ વે

**– કિશનસિંહ પરમાર**



કિશનસિંહ પરમાર

**(ગયા અંકનું ચાલુ)**

'ગયા વગર જો ના ચાલે ઈમ હોયને તો ગાડીને એક કોરે ધક્કો મારીને મુકી દ્યો ને કો'ક વાહનમાં બેહી જાઓ.... દા'ડો આથમ્યા પે'લા... અઈ જંગલના રસ્તે જનાવરનો તો ભો નૈ પણ – ! એ બોલતાં બોલતાં અટકી ગઈ. તેના અટકવા પાછળનો મરમ પારખવા બંને તેના આગળનાં વાકયની પ્રતીક્ષા કરવા લાગ્યા. પણ એમનાં ચહેરા પર મંડરાતા ઓથારને જોઈ તેણે આગળનું વાકય મનમાં જ ધરબી દીધું. પણ ફરી કશોક વિચાર આવતાં એનાથી બોલી જવાયું :

'ને ઈમ ના કરવું હોય તો મારૂ ઘર અઈ ઢુંકડુ જ છે, બહુ છેટુય નથી.. જો તમને વાંધો ના હોય તો લ્યો હેડો મારી હારે, હવારે દન ઉગે નીકળી જજો....અઈ ખોટી થ્યા વગર !

અજાણી સ્ત્રીને અજાણ્યા રસ્તા પર અનુગ્રહ કરતી જોઈ આરીફનાં માનસપટ પર અનવરનાં શબ્દો ઘોડાની જેમ દોડવા લાગ્યા. એ શંકાભરી નજરે તેની તરફ જોવા લાગ્યો. એની આંખોમાં તરવરતો પ્રશ્ન પારખી તેણે છાતી પર લટકતો ચોટલો છણણણ કરતાં વીંઝીને પાછળ નાખ્યો :

'આ તો કીધું... બાકી તમને જયમ રાંમ વા'લા લાગે ઈમ કરો ભૈશાબ... હા કરતા ના ઉતાવળી....! કહેતાંક એ ઝડપભેર ચાલવા લાગી. એની પૂંઠ પડી ત્યાં બેઉ એકબીજાની આંખમાં આંખ પરોવી 'હા' ના' કરવા લાગ્યા.

અંતે એકય ઉપાય સુઝે એમ ન લાગતા આરીફે કારનો પાછલો દરવાજો ખોલી કાળી થેલી હાથમાં લીધી. ને હિમતભેર તેની પાછળ પાછળ ચાલવા લાગ્યો. રશ્મિન કમને એની પાછળ ઢસડાયો. બંનેને પાછળ આવતાં જોઈ બધું દુ:ખ ભુલી ગઈ હોય એમ એ બોલવા લાગી :

''મનેખને મનેખ કાંમમા નૈ આવે તો બીજું કુણ આવશે...? ભીડમાં ખપ લાગે એ જ હાચું માંણસ, બાકી ટાળો આલીને જનારાં તો દુનિયામાં ચેટલાંય મળે ! ખરૂં કે નૈ?

આરીફે તેની તરફ હળવું સ્મિત કરી 'થેંકયું' કહયું. પણ એનીય જાણે એને અપેક્ષા ન હોય એમ એ 'મારી પાછળ પાછળ ખટકો રાખી હેંડતા આવો' કહેતી એ રોડ ઓળંગી આથમણી બાજુ ચાલવા લાગી. માથે ટોપલી અને કાછડો વાળીને ચાલતી તેના ભરાવદાર પગ રશ્મિનને રસ્તાથી વેગળો કરી મુકતા હતા. તેની પડખે રહીને ચાલતો આરીફ રેશમમાં લપેટેલા કાચનાં ટુકડાની માફક હીરાનો ભ્રમ પેદા કરતો ચાલ્યે જતો હતો. તેના મનમાં અનવરના શબ્દો ચુંવાળાની જેમ સતત ઝમતા હતા.

કેશી જેમ જેમ જંગલની વાંકીચુકી કેડીઓ પર પગ મુકે જતી હતી એમ અમે એના પગમાં જોમ વધતું જતું હતું. સાંકડી કેડીની આજુબાજુ ઉગેલા શીમળાના ઝાડ નાના નાના ભાલા લઈને ઉભેલા સૈનિકો જેવા લાગતાં હતા. વળાંક પર ઢાળ ઉતરતા કેરડા અને કંથેરની ઝાડીમાંથી ઓચિંતી ઉડતા તેતર તેમની છાતીમાં ધબકારા વધારી દેતા હતા. કોઈ કોઈ ઝાડની સુકી ડાળ પર બેઠેલી ચીબરીઓ એકાએક ઉડીને આવી બેઉનાં માથા પર ચકરાવો લઈ પાછી વળી જતી હતી. જંગલમાંથી આવતા અવાજો સિવાય ત્રણે જણા વચ્ચે મૌન છવાયેલું હતું. મનમાં વારેઘડીએ ડોકાતાં દ્રશ્યો અટકાવવા આરીફે વાત શરૂ કરી :

''આ જંગલમાં એકલા જતાં આવતાં બીક નથી લાગતી ?

''બીક શેની, સાએબ ? આ કેડીએ હેંડી હેંડીને તો અમારા પગ ઘહાઈ ગયા છે !માણસ તો ઠીક..... જાનવર મુદલ અમને ઓળખે ! બોલો ?'' 'હજી કેટલું ચાલવાનું બાકી છે ? આંખોની ભ્રુકુટી ભેગી કરી રશ્મિને વાત કાપી. તેના પ્રશ્નને અધવચમાં જ ઝીલી લીધો હોય એમ 'આ .... હામ્મે દેખાય એ જ અમારૂ ઘર ! અઈ હું ને મારી જેઠાણી રૈએ છીએ...! કહેતાં એણે છાતી પર વળેલો પરસેવો લૂછયો. રશ્મિન એ જોઈ રહયો. ને છુપાવી નજરે આરીફ પાસેની થેલીમાંથી કાળ મીણ જેવું કશુંક લઈ મોઢામાં મુકયું.

નાની ટેકરીનાં ઢોળાવ પર સળેકડાથી બાંધેલી એક ઝુંપડી ઝાંખા અજવાળામાંય તગતગતી હતી. તેની ઉપર ઢાંકેલું ભૂરૂં મીણિયું હોડીથી છુટા પડેલા સઢ જેવું એકલું એકલું ફગફગતું હતું. તેનાથી સહેજ દુર દેશી નળિયાવાળું ખળીથી ધોળેલું બીજું એક ઘર ફાગણ મહિનામાંય ન મ્હોરેલા ખાખરા જેવું બિહામણું લાગતું હતું.

રશ્મિનની નજર ઘરને જોયુ ન જોયું કરીને પાછી વળી બે હાથે ટોપલી પકડીને ઉભેલી કેશીની ફાટું ફાટું થતી તંગ છાતી ઉપર ચોંટી ગઈ. ઢળતા અજવાળામાંય કેશીને તેની આંખોમાં ઉતરી આવેલો ભાર કઢયો. તે આરીફ બાજુ ફરી કહેવા લાગી.

'આનાથી થોડે આઘે અમારૂ ગામ... ! જંગલમાં રૈએ છીએ પણ ભગવાન માતાજીની દિયાથી હજી લગન કોઈ જનાવરે વતાયાં નથી અમને !'

'ઓ હો એમ ? રશ્મિન ગાલમાં હસ્યો. તેનાં હસવા પાછળનો ભરમ પારખી ગઈ હોય એમ તેણે છણકો કર્યો :

'ખોટું થોડુ કે' તાં હશું ? મનેખ આડે ન આવે તો કોઈ જાનવરેય વતાવે નહી, હાચું કે ખોટું ? વારાઘડીએ પુછાતા તેના સમર્થન પ્રશ્નનો જવાબ આપ્યા વિના જ રશ્મિને ચાલતાં ચાલતાં પાંદડામાં દટાઈ રહેલા પથરાને ઠેસ મારી ઉઘાડો કરી દીધો. કેશી પ્રશ્નભરી નજરે એ જોતી રહી.

ટેકરી ચડી ત્રણે જણા ઝુંપડી નજીક પહોંચ્યા પગ તળે હવે કેડી સુઝે એટલું જ અજવાળુ બાકી રહયું હતું. જતાંવેંત તેણે ઝુંપડીની આસપાસ બનાવેલા વાડાનો ઝાંપો ખોલ્યો.

'હું તો તમને એ કે'વાનું ભુલી ગઈ કે અમારે અઈ હજુ વીજળી નથી આવી... આ હામે દેખાય એ જ ઘરોમાં વીજળી છે. બાકી બીજે કયાંય નથી ! અમે માંગણી કરી તો કે તમારા ઘર ગામતળમાં નથી આવતાં ! વીજળી આલવામાંય ગામતળ ને બામતળ ? એવું તે કાંઈ હોતું હશે ? કહેતા તેણે ઝુંપડીની બહાર રોપેલી થાંભલીએ ભરાવેલું ફાનસ સળગાવ્યું ટોપલી નેવાં નીચે મુકી વાડામામાં એક કોરે ઉભો કરેલો ખાટલો ઢાળ્યો :

'લ્યો, નિરાંતે બેહો, હું હમણાં દૂધ લઈને આવી. 'કહી એ ભદ્રાના ઘર બાજું ઉપડી.

ખળીથી ધોળેલા ઘરની પરસાળમાં વચ્ચોવચ ભદ્રા ખાટલો ઢાળી હાથમાં માળા ફેરવતી ઉખરાંટે બેઠી હતી. તેનું પ્રમાણ કરતાં વધારે જાડું લાગતું શરીર દીવાનાં માંદલા પ્રકાશમાં ડરામણું લાગતું હતું. તેના કપાળ પરનો ચાંદલો લીંપણમાંથી ઉખડી ગયેલા પયડાના બી જેવો કાળો ભમ્મર દેખાતો હતો. કોણી સુધી પહેરેલા તેના હાથીદાંતના બલોયા માળા ફેરવવાના લય સાથે ઝીણું ઝીણું રણકતા હતા. તેના ઘર આગળ વાવેલી રાયણ પર બેઠેલા પક્ષીઓની હગારથી આંગણામાં સહન ન થાય એવી વાસ ફેલાયેલી હતી.

ઘરની પડખે ટેકરીના ઢોળાવ પર આવેલા કો'ક ઝાડની બખોલમાં કોઈ માંદું પક્ષી ધીમું ધીમું કણસતું હતું. કેશીને પોતાનાં આંગણામાં ઉભેલી જોઈ એ માળા ફેરવતાં ફેરવતાં અટકી ગઈ.

'આવ કેશી આવ, કોણે ઘરે લઈને આવી છે.... કવેળાએ ? દુર ઘર હોવા છતાં જાણે બધી જ ખબર રાખતી હોય એમ ભદ્રા ખાટલાના પાયે માળા ભરાવતાં બોલી... ''પરદેશી છે, બચારા ! ઈમની ગાડી રસ્તામાં કહોજ પડી'તી એટલે લેતી આઈ છું.' **(ક્રમશ:)**

**વાર્તાકાર મિત્રોને પોતાની ટૂંકી વાર્તા, ટૂંકો પરિચય તથા પાસપોર્ટ ફોટા સંપાદકને મોકલી આપે તેવી વિનંતી – સંપાદક : રવજીભાઇ કાચા.**


# બાલ એક્સપ્રેસ

- ઉખાણા
- બાળવાર્તા
- જોડકણા
- બાલગીત
- જોકસ

સંપાદક : રવજીભાઈ કાચા-અમરેલી

# અમરેલીનાં ધાર્મિક સ્થળો

૮૭ હઝરત ચકલીશા પીરની દરગાહ – પ્રતાપ પરા રોડ, સિપાઈના કબ્રસ્તાનમાં
૮૮ હઝરત મૌઝુદિન બાબા (રહે.ની દરગાહ – પ્રતાપ રોડ, પૂલ પાસે
૮૯ હઝરત જમીયલશા દાતાર – ચિલ્લા મુબારક – બહારપરા ચોક
૯૦ નગીના મસ્જિદ – શાક માર્કેટ પાછળ, પ્રા.શાળા પાસે
૯૧ દાદા જાન મહંમદદાદાની દરગાહ – મીની કસ્બામાં મણિનગર સામે
૯૨ ઉઘાડશા પીરની દરગાહ – મીની કસ્બાની પાછળ
૯૩ મદિના મસ્જિદ – બહારપરા ચોકમાં
૯૪ જુમ્મા મસ્જિદ
૯૫ આરબવાડા મસ્જિદ
૯૬ અર રહેમાન મસ્જિદ
૯૭ ઘાંચીવાડ મસ્જિદ
૯૮ સીંધી સોસાયટી મસ્જિદ
૯૯ ભારતનગર મસ્જિદ
૧૦૦ શહીદે પીર હઝરત ગુલાબશાહ બાપુની દરગાહ – માર્કેટીંગ યાર્ડ રોડ
૧૦૧ હઝરત પીર–ગંજાવરશા બાબાની દરગાહ– ગાયત્રી મંદિર રોડ
૧૦૨ મઝાર શરીફ હઝરત પીર



નિઝામુદીન બાબા રહે.ની જગ્યા–લાઈબ્રેરી રોડ
૧૦૩ મા, માંઈ સરોવર માની દરગાહ– સબ જેલ રોડ
૧૦૪ નવ ગજા પીરની દરગાહ – સબ જેલ અંદર
૧૦૫ વ્હોરાની મસ્જિદ–તારવાડી રોડ, વાંજાવાડી પાસે
૧૦૬ સર્વેશ્વર ભગવાન ભોળાનાથનું મંદિર–કૈલાસ મુકિતધામ

## ભાતીગળ સૌરાષ્ટ્ર

૧૦૭ હનુમાનજીનું મંદિર – ગિરીયા
૧૦૮ હિંગરાજ માતાજીનું મંદિર – વાંજાવાડી પાછળ
૧૦૯– હનુમાનજીનું મંદિર – જી.ઈ.બી. કચેરી પાસે
૧૧૦– દાળમાં દાદાનું મંદિર– પાણી દરવાજા
૧૧૧– જય બાવળિયા હનુમાનજીનું મંદિર – કામનાથ ચોક, પાણી દરવાજા
૧૧૨– શ્રી જલારામ બાપાનું મંદિર– સુખનાથ પરા
૧૧૩–શ્રી વિશ્વકર્માનું મંદિર– લુહાર જ્ઞાતિની વાડી
૧૧૪– શ્રી લંકેશ્વર મહાદેવનું મંદિર – ગૌશાળા
૧૧૫– શ્રી ભગીરથનું મંદિર – જેશીંગ પરા
૧૧૬– શ્રી જલારામબાપાનું નવું મંદિર– મઢુલી, વરસડા રોડ,
૧૧૭– શ્રી પુષ્ટિ માર્ગિય ગોપાલ લાલજીની હવેલી– વાંજાવાડ, બીનાકા ચોક
૧૧૮– શ્રી પુષ્ટિ માર્ગિય ગોપાલ લાલજીની હવેલી– કંસારા શેરી, ટાવર ચોક
૧૧૯ – શ્રી રામજી મંદિર – પ્રતાપ પરા
૧૨૦– શ્રી ખોડિયાર માતાજીનું મંદિર – પોમલીપાટ
૧૨૧ – બજરંગદાસ બાપાની મઢુલી – સરદાર ચોક

# અનોખું પ્રાયશ્ચિત

**– પ્રકાશ ડી. કુબાવત**



એક ગામમાં બે ખેડૂત રહેતા હતા. એકનું નામ કરણ અને બીજાનું નામ રતન, બંનેને ઉભુ ન ભળે. બંને એકબીજાના દુશ્મન, બંનેના ખેતર બાજુબાજુમાં આવેલ હતા.

એક દિવસ કરણ અને તેના ત્રણ પુત્ર ખેતરમાં કામ કરી રહયા હતા. ત્યારે તેના બંને બળદ છુટીને રતનનાં ખેતરમાં જતા રહયા અને ઉભો પાક ચરવા લાગ્યા. રતને આ જોયું. તેને એમ કે જાણી જોઈને કરણે પોતાનાં ખેતરમાં બળદ છોડી મુકયા છે. આથી તે તેના બળદને બે રહેમીથી મારવા લાગ્યો. બદળદ જોરથી ભાંભરવા લાગ્યા. કરણે આ જોયું. તે પોતાનાં બળદને મારતા જોય ન શકયો. તે પણ ધારીયું લઈને રતનનાં ખેતર તરફ દોડયો.

રતને કહયું કે, : ''માર ખેતરમાં કે બળદને ચરવા આવવા દીધા. મારા પાકનો તારા બળદોએ સત્યાનાશ વાળી નાખ્યો. હું તને અને તારા બળદને છોડીશ નહીં. ''એમ કહી તે કરણ ઉપર તૂટી પડયો.

કરણ પણ કયાં પાછો જાય એમ હતો. તે પણ ક્રોધે ભરાયને તેનો સામનો કરવા લાગ્યો. કરણનાં ત્રણ પુત્રો પણ આવી ગયા. બધા મળીને રતનને મારવા લાગ્યા. રતન એટલો ક્રોધે ભરાયો કે આવેશમાં આવીને તેને કરણ ઉપર કુહાડીનો ઘા કર્યો. ઘા જીવલેણ સાબીત થયો. આ જોઈને રતન ભાગી ગયો.કરણના પુત્ર પોલીસ ફરિયાદ કરી. રાજાએ ચારેબાજુ સૈનિકોને દોડાવ્યા. પણ રતન હાથ ન આવ્યો.

તે જંગલમાં ચાલ્યો ગયો. સાધુનો વેશ ધારણ કરી લીધો. આથી તે ઓળખાય નહી.થોડા દિવસનાં રઝળપાટ પછી જંગલમાં તેને એક સરસ આશ્રમ જોયો. તેને થયું કે પોતે સાધુનાં વસ્ત્રો પહેરેલ છે.તેથી ચોકકસ આવકાર મળશે અને પકડાવાની બીક પણ નહીં. રહેવા જમવાની પણ કંઈ ચિંતા નહી. આમ વિચારી તે આશ્રમમાં દાખલ થયો.

ઋષિને દંડવત પ્રણામ કર્યા અને અહિ રહેવાની ઈચ્છા જણાવી. ઋષિએ કહયું કે, ''આ આશ્રમ બધા માટે ખુલ્લો જ છે. અહી બધા નિરાંતે રહી શકે છે. શકય એટલી આશ્રમની સેવા કરવી અને સત્સંગ કરવો.''

રતનને હવે સાચે જ મજા આવવા લાગી. રોજ રાત્રે ગુરૂ સત્સંગ કરતા. બીજા શિષ્યો સાથે તે પણ રસથી સત્સંગમાં ભાગ લેતો. ગુરૂનું પ્રવચન સાંભળતો.

હળવે – હળવે તેનામાં બદલાવ આવતો ગયો, ખરેખર તેનામાં સત્સંગની અસર થવા લાગી. તેને હવે લાગતા માંડયું કે મે આવેશમાં આવીને કરણનું ખુન કરી નાખ્યું તે બહુ મોટું કર્યુ. મારે આવું કરવાની જરૂર ન હતી. રાત્રે હંમેશા તે પસ્તાવો કરતો રહેતો.

ગુરૂથી આ વાત છાની ન રહી. એક દિવસ રાત્રે તેને બોલાવીને કહયું કે, ''નકકી તારા મનમાં કંઈક ગડમથલ છે. તુ મને વાત કરે તો સમસ્યાનો ઉકેલ મળે. ઘણા દિવસ થયા તું મુંઝાતો હોય એવું લાગે છે.

ગુરૂના પગમાં પડતા રતન કહે, ''હું બહુ પાપી છું. મે ખોટા આવેશમાં આવીને મારા પાડોશીને કુહાડી મારી હતી. તે ઘાતક નીવડી બધાથી બચવા મે સાધુનો આ વેશ ધારણ કર્યો હતો. પણ તમારા સંપર્કમાં આવવાથી ખરેખર મારામાં પરિવર્તન આવ્યું છે. હવે હું મારા ગુનાનું પ્રાયશ્વિત કરવા ઈચ્છું છું. તમે જ મને સલાહ આપો. મારાથી થઈ ગયેલ ખુનનું હું પ્રાયશ્વિત કઈ રીતે કરૂં !''

ગુરૂએ તેને હાથ પકડી ઉભો કર્યો અને સ્નેહથી માથા પર હાથ ફેરવ્યો પછી પોતાની પાસે બેસાડયો.

ગુરૂએ પ્રેમથી આજ્ઞા આપતા કહયું કે, '' તુ હવે સમાજની વચ્ચે જા. એક સામે દસ વ્યકિતને જીવનદાન આપ તો તું કરેલ પાપમાંથી મુકત બનીશ. તારો બોજ હળવો થઈ જશે.''

ગુરૂને પગે લાગી તે નગરમાં પાછો ફર્યો. કઈ રીતે સમાજ સેવા કરી દસ વ્યકિતને બચાવવા તે વિચારવા લાગ્યો.

વિચારતા – વિચારતા તે એક ઝુંપડપટ્ટી વિસ્તાર પાસે પહોંચ્યો. ઘણી જગ્યાએ પાણી ભરેલા હતા. મહિના દિવસમાં તેણે ઘણાબધા શોષખાડા કરી નાખ્યા. આથી ગંદા પાણીનો નિકાલ થઈ ગયો. અગાઉ આ વિસ્તારમાં મેલેરિયાથી ઘણા બધા મોત થયા હતા. પણ આ વખતે તેનું પ્રમાણ નહિવત થયું.

ડોકટરે અભિનંદન આપતા કહયું કે, ''તમે શોષખાડા કર્યા તેઓથી ઘણાબધા લોકોના જીવ બચી ગયા. ''ડોકટરની વાતથી તેને મનમાં સંતોષ થયો.

ઉનાળામાં તેને જોયું તો ઘણા પશુ–પક્ષી પાણી માટે ટળવળતા હતા. તેને જાતે પથ્થર, રેતી એકઠા કરી એક હવાડો બનાવ્યો. દુરથી પાણી ભરી લાવી તે હવાડામાં ઠાલવતો. તેને એકને આવી મહેનત કરતો જોયને નગરના ઘણા જોડાયા. બધાનાં શ્રમથી રોજ હવેડો ભરાય જતો.


નગરજનોને સમજાવીને તેણે ખરાબાની જમીનમાં વૃક્ષારોપણ પણ કર્યુ.

એકાદ વર્ષમાં આટલું કરી તે ગુરૂ પાસે પાછો ફર્યો. વિગતવાર બધી વાત કરી. ગુરૂએ તેની વાત સાંભળી કહયું કે, ''હવે તારૂં પ્રાયશ્વિત થઈ ગયું છે. તે તારા કાર્યથી ઘણાબધા લોકોનાં જીવ બચાવ્યા છે. સાચા દિલથી તું કરણના ઘરનાની માફી માંગજે. તે તને જરૂર માફ કરી દેશે.''

મનમાં હરખાતો તે કરણનાં ઘરે ગયો. પોતાની ભુલનો સ્વીકાર કર્યો અને ગુરૂએ આપેલ આજ્ઞાની વાત કરી. વધુમાં તેને બીજી કોઈ સજા આપવા માંગતા હોય તોપણ હું તૈયાર જ છું તેવું કહી માફી માંગી.''

ખરા હદયથી માફી માગતા અને તેનામાં આવેલ પરિવર્તનથી ખુશ થઈ કરણનાં ઘરનાએ તેને માફ કરી દીધો.

**બાલમિત્રો**



આપણો ઘણી વખત તો વિર્તક કે શંકાથી આપવાનો ઘણું નુકશાન થાય છે. તર્ક – શંકા કરવા વખતે આપણને આપણે સાચા, સત્યવાદી લાગતા હોઈએ છીએ. વળી આખું જગત ખોટું લાગે છે. પણ વાદળામાં સુર્ય ઢંકાય જાય એટલે રાત્રિ પડતી નથી. જેમ વાદળા હટી જાય છે. સુર્ય ફરી દેખાય છે. એમ આપણાં તર્ક–વિતર્ક નાશ પામે છે. ત્યારે સત્યના દર્શન થતા હોય છે. સત્ય અસત્યમાં છુપાઈને બેસી રહેવુ નથી. પેલા સુર્ય અને વાદળા જેમ સત્ય હંમેશા કડવું લાગે છે. એ પણ અંતે સુખ આપનારૂ હોય છે. સુદર્શન ટીકડી પ્રથમ કડવી લાગે છે પણ એ દર્દ મટાડનારૂ હોય છે. શરૂઆતમાં તમારા અભ્યાસમાં કંટાળો આવે, અનિષ્ઠા થાય પણ જયારે અભ્યાસ પુર્ણ કરી બહાર પડો છે. ત્યારે સુખ આપણું બની રહે છે.

એટલે સત્ય બોલવાથી ખચકાવું નહિ. ને અસત્ય બાલવમાં મર્યાદા રાખવી જો સત્ય, અસત્ય બોલવામાં તકલીફ પડતો હોય તો, તો બહેતર છે કે મૌન રહેવું, એમાં આપણું તથા સામેવાળાનું શ્રેય જ હોય છે.

# અંતિમ યાત્રા

## સ્વરાજય મારો જન્મસિદ્ધ અધિકાર છે

– બાલગંગાધર તિલક





૨૭ નવેમ્બર, ૧૯૧૯ના દિવસે તિલક મુંબઈ પાછા પહોંચ્યા, હજારો લોકો એમનું સ્વાગત કરવા હાજર હતા. જાહેર સભામાં એમનું અભિવાદન કરાયું અને થેલી ભેટ અપાઈ. પુણેમાં પણ એમનું શાનદાર સ્વાગત થયું. પુણેથી તેઓ મદ્રાસ ગયા. ત્યાર બાદ ત્યાંથી અમૃતસર રવાના થયા. અમૃતસર પહોંચ્યા પહેલા બ્રિટિશ પાર્લામેન્ટમાં ભારતીય સુધારણા વિધેયક પસાર થઈ ગયો. જેની હેઠળ માર્શલ લોમાં પકડાયેલા હજારો લોકોને છોડવાનાં હતા. સાથે એમાં ભારતીય જનતાને અપીલ કરવામાં આવી હતી કે તેઓ શાસન સુધારા સ્વીકારે અને એનો અમલ કરવામાં સરકારનો સાથ આપે. એ વિધેયક અંગે તિલકનું કહેવું હતું, 'આપણે સરકાર સાથે સહયોગ કરવા તૈયાર છીએ પરંતુ સહયોગ એકતરફી ના હોવો જોઈએ.'' તેઓ આ સુધારા માટે મોંટેગ્યૂનો આભાર માનવ ઈચ્છતા હતા પરંતુ તેઓ રાષ્ટ્રની પ્રતિષ્ઠાનાં રક્ષક પણ હતા, આથી તેઓ સહયોગ સામે સહયોગ આપવા તૈયાર હતા.

અમૃતસરમાં લોકમાન્ય તિલક અને ગાંધીજી, બંને પહોંચ્યા, એ સમય સુધી ગાંધીજીને અંગ્રેજોની ઈમાનદારી પર સંપુર્ણ વિશ્વાસ હતો. આથી એમણે તિલકની સહયોગ માટે શરત લગાડવાની વાતનો વિરોધ કર્યો હતો. પરંતુ પાછળથી તિલકે પોતાના વિચારો સાથે ગાંધીજીને સંમત કરી દીધા હતા. તેઓ જેટલું મળ્યું હતું તે લઈને બાકીનાં સુધારાઓની માંગણી કરવા ઈચ્છતા હતા. બીજી હતા. સુધારા અંગે કોંગ્રેસ માટે પ્રસ્તાવ તૈયાર કરવાનું કામ તિલકને સોંપવામાં આવ્યું આ પ્રસ્તાવ સર્વસંમતિથી પસાર થયો. પ્રસ્તાવમાં સુધારાને અધૂરા, અસંતોષજનક અને નિરાશાજનક દર્શાવાયા અને એ માંગ કરવામાં આવી કે ભારતને પુર્ણ સ્વશાસન આપવામાં આવે. સુધારા એવી રીતે લાગું કરવા જોઈએ કે પુર્ણ સ્વશાસનવાળી સરકારની શીઘ્ર સ્થાપના કરવામાં મદદ મળે. તિલકે પોતાનાં ભાષણમાં કહયું, ''આપણે સમગ્ર દુનિયાને સ્પષ્ટ રીતે જણાવવા માંગીએ છીએ કે અમે આ સુધારાથી સંતુષ્ટ નથી અને અમે અમારો સંઘર્ષ ચાલુ રાખીશું. અમે આ સુધારાનો સૌથી વધુ લાભ મેળવાવાની કોશિશ કરીશું અને વધારે સુધારાની માંગ કરતા રહીશું.''

આ રીતે અમૃતસર કોંગ્રેસ પર તિલક છવાઈ ગયા. કોંગ્રેસના અધિવેશનમાં સ્વાગત સમિતિનાં અધ્યક્ષ સ્વામી શ્રદ્ધાનંદે સવાલ પુછયો હતો, ''દેશનો કયો સિપાઈ છે જે તોફાન ખમતા આપણાં સેનાપતિ (તિલક) ની આજ્ઞા માથે નીહ ચડાવે ?''

અને સેનાપતિ તિલક સામે સમગ્ર દેશ નતમસ્તક હતો. પાછળથી આ જ દ્રષ્ટિબિંદુને લઈને તેમણે કોંગ્રેસ લોકતંત્રીય પાર્ટીની સ્થાપના કરી જેથી આગામી ચુંટણીઓમાં પ્રાંતોમાં સૌથી વધુ સ્થાનો પર કોંગ્રેસીઓને ચુંટી શકાય. આ લોકો જયાં સુધી શકય છે ત્યાં સુધી સરકારને સહયોગ આપે અને જયાં જરૂરી હોય ત્યાં જનતાની માંગણી પુરી કરવા માટે સરકારનો વિરોધ કરે.

આ ગાળામાં થોડી એવી ઘટનાઓ થઈ ગઈ કે મહાત્મા ગાંધીનો સરકાર પરથી વિશ્વાસ ઉઠી ગયો. તેઓએ ઘોષણા કરી. ''આ શૈતાન સરકાર સાથે કોઈ પણ રૂપમાં કે રીતે સહયોગ કરવો એ પાપ છે.'' આમાં એક ઘટના હતી તુર્કીના ખલીફાને દુર કરવાની. યુદ્ધમાં તુર્કીઓ હારી ગયા હતા. અને એમનાં ખલીફાને અંગ્રેજો અને એમનાં સાથીઓએ પદભ્રષ્ટ કર્યા હતા. આનાથી ભારતનાં મુસલમાન ખુબ નારાજ થઈ ગયા હતા. બીજી ઘટના હતી હંટર કમિટીનો રીપોર્ટ આ કમિટી જલિયાવાલા બાગ હત્યાકાંડની તપાસ કરવા બનાવાઈ હતી. આ રીપોર્ટમાં આ હત્યાંકાંડને માત્ર 'ભયંકર ભૂલ'' અને કમનસીબ કહીને ટાળી દેવાયો હતો. આ ઘટનાઓને કારણે ગાંધીજી કાઉન્સિલ પ્રવેશનો વિરોધ કરવા લાગ્યા હતા. તિલક હજી યે એની હા પાડતા હતા. ઓગષ્ટમાં થનારા કોંગ્રેસ અધિવેશનમાં તેઓ આનું સમર્થન કરવા ઈચ્છતા હતા. એમને વિશ્વાસ હતો કે ગાંધીજી પણ એમના પક્ષમાં સમર્થન આપશે.

પરંતુ સમયને કંઈક બીજું જ મંજુર હતું. માંડલે જેલમાં તિલકનું સ્વાસ્થ્ય કથળવા લાગ્યું હતું. ત્યાર બાદ ઈંગ્લેન્ડની ઠંડી પણ એમને અનુકુળ ના આવી. ઈંગ્લેનડથી પાછા – ફરતાં જ અમૃતસર કોંગ્રેસ માટે એમને ભારે પરિશ્રમ કરવો પડયો જેને કારણે એમનું સ્વાસ્થ્ય બગડવા લાગ્યું હતું. વિશ્રામ કરવા સિંહગઢ ગયા, પણ દેશની બગડતી રાજકીય હાલત હોઈ લોકો એમને ત્યાં પણ મળવા દોડી જતા હતા. આ દરમિયાન સાંગલીમાં જયોતિષ સંમેલનમાં ભાગ લીધો અને ભારતીય પંચાંગમાં સંશોધન કરાવ્યું. તિલકની આ એક મોટી સફળતા હતી કારણ કે ત્યાં રૂઢિવાદી જયોતિષીઓ પણ ગ્રહ – નક્ષત્રોની ગણતરી ગ્રીનવિચ સમયના આધારે વૈદ્યાનિક પદ્ધતિએ કરવા માની ગયા હતા. આ સંમેલન બાદ તેઓ સીધા સિંધની મુલાકાતે ગયા. ત્યાં ભીષણ ગરમી અને નિરંતર યાત્રાની એમનાં સ્વાસ્થ્ય પર ઘેરી અસર થઈ. એમનો બુલંદ અવાજ ધીમો થતો ગયો. દ્રષ્ટિ અને શ્રવણ શકિત પણ કમજોર પડતા ગયા.

**(ક્રમશ:)**

# પ્રશ્નોતરી : આપો જવાબ



(૧) ભારતીય નોટો પર ગાંધીજી પહેલા કોનો ફોટો હતો ?
જવાબ : અશોક સ્તંથ
(૨) ગુજરાતમાં શહિદ વન કયાં આવેલં છે ?
જવાબ : જામનગર
(૩) ગાંધીજી કયા દિવસે મૈન વ્રત રાખતા હતા.
જવાબ : સોમવારે
(૪) ગબ્બરનો ડુંગરો કયાં જિલ્લામાં આવેલો છે ?
જવાબ : બનાસકાંઠા
(૫) ખોડીયાર બંધ કઈ નદી પર સ્થીત છે ...?
જવાબ : શેત્રુંજી


# મહાનુભાવોનાં વચનો

''હું દારૂ પીવાને ચોરી – લુંટફાટ, દુરાચાર અને વેશ્યાવૃતિથી પણ વધારે ભયંકર પાપચેષ્ટા માનું છું. ક્રુર વ્યકિતઓથી પણ શરાબી વધારે ક્રુર હોઈ શકે પરંતુ શરાબી તો નિસ્તેજ ક્રુર છે.'' – મહાત્મા ગાંધી

'જે વ્યકિત નશામુકત પદાર્થોનું સેવન કરે છે એ ઘોર પાપ કરે છે.'' – ભગવાન બુદ્ધ

''અલ્લાહે શરાબ ઉપર, શરાબ પીવા અને પિવડાવવા વાળા ઉપર, વેચવાવાળા તથા ખરીદવાવાળા ઉપર અને એમાં કોઈપણ પ્રકારનો સહયોગ આપનાર ઉપર કસંપુર્ણ રીતે ફિટકાર વરસાવ્યો છે. – હજરત મહમ્મદ પયગમ્બર

" More poisonous than snake. Alcohol ruins one




physically, morally, intellectually and economically" - Mahatma Gandhi

ડાયોજિનીસને એમનાં મિત્રોએ મોંઘા દારૂનો પ્યાલો ભરીને આપ્યો. ડાયોજિનીસે પ્યાલાને કચરાપેટીમાં નાખી દીધો. મિત્રોએ કહયું :

''આટલો મોંઘો દારૂ તમે ફેંકી દીધો ?''

''તમે દારૂનું શું કરી રહયા છો ?'' ડાયોજિનીસે પુછયું. જવાબ મળ્યો : 'અમે દારૂ પી રહયા છીએ.''

''મે જે વસ્તુ કચરાપેટીમાં નાખી દીધી એ જ વસ્તુ તમે પોતાનાં મોંમા નાખીને પોતાનો વિનાશ કરી રહયા છો. મેં તો ફકત દારૂ જ બગાડયો પરંતુ તમે તો દારૂ અને તમારૂં જીવન બંને બગાડી રહયાં છો.''

# વિચાર શકિત
(THOUGHT POWER)

લેખક : બ્રહ્મલીન શ્રી સ્વામી શિવાનંદ સરસ્વતી

## સંકલ્પ નિયમન માટે સિદ્ધસાધનાઓ

**(ગયા અંકનું ચાલુ)**

**(૧૫)**

**સંકલ્પવિજયમાં સતત નિરીક્ષણનું મહત્વ**

શરૂઆતમાં મનને એક જ સંકલ્પ પર કેન્દ્રિત કરવાનું કામ ખુબ જ મુશ્કેલ લાગશે. પ્રથમ તો સંકલ્પોની સંખ્યા ઓછી કરો. એકી વખતે માત્ર એક જ પદાર્થનો વિચાર કરો.

જો તમે ગુલાબનાં ફુલનો વિચાર કરતા હો તો તમારે માત્ર ગુલાબ પર જ બધા વિચારોને કેન્દ્રિત કરવા જોઈએ. પૃથ્વીના જુદા–જુદા પ્રદેશમાં ઉગતાં જુદી – જુદી જાતનાં ગુલાબોનો તમે વિચાર કરી શકો છો.

ગુલાબમાંથી બનતી વિવિધ પ્રકારની વસ્તુઓ અને તેના ઉપયોગ સંબંધી પણ વિચાર કરી શકો છો. સાથે સાથે બીજી જાતનાં ફુલોનો પણ મનમાં વિચાર આવી શકે. પણ ફળને શાકભાજીના વિચારને મનમાં સ્થાન આપવું ન જોઈએ.

મનનાં ધ્યેયહીન અનિયંત્રિત રખડપાટને કાબૂમાં રાખો. ગુલાબનો વિચાર કરતી વખતે બીજા સંકલ્પો બંધ કરી દો. આથી ધીમે ધીમે તમે મનને એક જ સંકલ્પ પર સ્થિર કરી શકશો.

આમ, મનને રોજ નિયમિત રીતે શિસ્તબદ્ધ કરવું પડશે. સંકલ્પ પર વિજય મેળવવા માટે કાયમને માટે સતત નિરિક્ષણની અનિવાર્ય જરૂર છે.

**(૧૬)**

**સંકલ્પો પર ચોકી પહેરો મુકી તમને આધ્યાત્મિક બનાવો**

તમારા સંકલ્પોનું સાવધાની પુર્વક નિરીક્ષણ કરો. તેમને સંયમમાં રાખો. તમારા સંકલ્પોના સાક્ષી બનો. તેમનાથી પર જઈ સંકલ્પહીન, શુદ્ર સચ્ચિદાનંદ ધન સ્થિતિમાં રમણ કરો.

આંતરમનના ઉંડાણમાં પડેલા સૂક્ષ્મ સંસ્કારો, માનસિક વલણો, ઈચ્છાઓ અને ઉર્મિઓની તમારા જાગૃત જીવન પર અગાધ અસર હોય છે. તેમને શુદ્ધ કરી રૂપાંતર દ્વારા દિવ્ય બનાવવાં જોઈએ ને તેમને આધ્યાત્મિક વલણ આપવું જોઈએ.

જે જે શુભને મંગળ હોય તે જ સાંભળો, તે જ જુઓ તેનો જ વિચાર કરો, તેના સંબંધી વાતચીત કરો, તેના સંબંધી વાતચીત કરો, તેનું જ ધ્યાન ધરો, તેને જ સમજવાનોને જાણવાનો પ્રયાસ કરવો.

ભય, તીવ્ર દ્વેષ, છુપો તિરસ્કાર, ઘૃણા, અક્ષમાં, ક્રોધ, કામ વગેરે આંતરમનની પ્રવૃતિને દુષિત કરે છે. સદગુણો કેળવો, આંતરમનને શુદ્ધને બળવાન બનાવો, ઈચ્છા, વાસના, લોભ, વગેરે દુર્ગુણો મનને ગુલાબ બનાવી કલુષિત કરે છે. માટે તેનાથી મનને મુકત કરી, તેના સ્ફટિક જેવા શુદ્ધ સ્વરૂપમાં તેને સ્થિત કરવું જોઈએ.

જેથી કરીને તે સત્યને ગ્રહણ કરવાને, ધ્યાનને અમલમાં મુકવા લાયક બને. મનની હલકી સ્ફૂરણાઓ ભૌતિક શરીરને માનસિક સ્તરને આભારી છે.

વાસના (માનસિક સંસ્કારને સુક્ષ્મ ઈચ્છાઓ) ના નાશથી જયારે મન કાર્ય કરવાને અશકત બને ત્યારે મનોનાશ કે મોક્ષની સ્થિતિ પ્રાપ્ત થાય છે. સંકલ્પ કેળવણી માટે યોજનાઓ

**૧. વિવેકશકિત અને માનસિક કેળવણી**

જયારે જયારે તમારા મનમાં ઈચ્છાનો ફણગો ફૂટે, ત્યારે ત્યારે તે પોષવાનો કે સંતોષવાનો પ્રયાસ કરો નહિં. વિવેકશકિત, યોગ્ય નિરીક્ષણ અને વૈરાગ્ય દ્વારા તેને દૂર કરો. આવા સતત અભ્યાસથી તમને મનની શાંતિ ને મનોબળ પ્રાપ્ત થશે.

# આકાશયાત્રી : કલ્પના ચાવલા



કલ્પના ચાવલા (૧ જુલાઈ, ૧૯૬૧–૧ ફેબ્રુઆરી –૨૦૦૩) એક ભારતીય અમેરિકન અવકાશયાત્રી હતા. તેમણે પ્રથમ ૧૯૯૭માં કોલમ્બિયા પર મિશન નિષ્ણાંત અને પ્રાથમિક રોબોટિક આર્મ ઓપરેટર તરીકે ઉડાન ભરી.

કલ્પનાં ચાવલાએ માધ્યમિક શિક્ષણ ટાગોર પબ્લિક સ્કુલ,, કર્નાલશાળામાં અને ૧૯૮૨માં ચંડીઝ પંજાબ ઈજરેની કોલેજ ખાતે એરોનોટિકલ એન્જીનિયરિંગ બેચલર ડિગ્રી પુર્ણ કરી હતી. તેઓ ૧૯૮૨માં યુનાઈટેડ સ્ટેટસ ગાય અને ૧૯૮૪માં એર્લિંગ્ટન ખાતે આવેલી ટેકસાસ યુનિવર્સિટીમાંથી એરોસ્પેશ એન્જિનિયરીંગમાં એમ.એસ.ની ડિગ્રી મેળવી કલ્પના ચાવલાએ બીજી એમ.એસ. ડિગ્રી ૧૯૮૬માં અને પી.એચ.ડી. ૧૯૮૮ માં બાઉલ્ડર ખાતે યુનિવર્સિટી ઓફ કોલોરાડોમાન થી એરોસ્પેશ એન્જિનિયરીંગ પુર્ણ કરી હતી.

તેમણે નાસા એમ્બસ સંશોધન કેન્દ્રમાં પણ કામ કરવાનું શરૂ કર્યુ. જયાં તેણીએ વર્ટિકલ લઘુટેક ઓફ અને લેન્ડિંગ ખ્યાલો પર સીએફડી સંશોધન કર્યુ. ૧૯૮૪ માં નાસાએ કલ્પનાની અંતરીક્ષયાત્રી તરીકે પસંદગી કરી ત્યારબાદ કલ્પનાં ચાવલા માં. ૧૯૯ માં નાસાના અવકાશયાત્રી કોર્પ્સ જોડયા હતા. અને તે ૧૯૯૬માં પ્રથમ ઉડાન માટે પસંદ થયા. તેમનું પ્રથમ અવકાશી મિશન ૧૯ નવેમ્બરથી ૫ સપ્ટેમ્બર ૧૯૯૭ સુધી એસ.ટી.એસ. ૮૭ ઉપર પ્રાઈમ રોબોટીક અર્મ ઓપરેટર તરીકે ફરજ બજાવી છ અવકાશયાત્રી સાથે સ્પેશ શટલ કોલંબીયા એસટીએસ – ૮૭માં ફલાઈટ ઉડાન ભરી. કલ્પના ચાવલા પ્રથમ ભારતીય મહિલા અને બીજી ભારતીય અંતરિક્ષયાત્રી વ્યકિત હતી. તેનાં પ્રથમ અવકાશ મિશનમાં ચાવલાએ પૃથ્વિની ૨૫૨ ભ્રમકક્ષામાં ૧૦.૪ કરોડ માઈલની મુસાફરી કરી અને ૩૭૨ કલાક કરતાં વધુ અવકાશમાં રહયાં હતા. એસ.ટીએસ–૮૭ પોસ્ટ ફલાઈટ પ્રવૃતિઓ પુર્ણ થયા પછી, ચાવલાને અવકાશયાત્રી કચેરીમાં સ્પેશ સ્ટેશન પર તકનિકી કામગીરી સોંપવામાં આવી હતી. ૨૦૦૦માં તેણીએ એસટીએસ, ૧૦૭ ની ટુકડીનાં ભાગરૂપે બીજા ઉડડયન માટે પસંદ કરવામા આવી હતી.


**: મોકલનાર :**

**અરવિંદ દેવમુરારી**

# આપેલ ચિત્રમાં મનગમતાં રંગો પૂરો



# પૂ. ડોંગરેજ મહારાજની અમૃતવાણી



## શ્રીમદ્ ભાગવત મહાત્મ્ય

૧૮૧ – વિધિપુર્વક ઉપવાસ કરવાથી પાપ બળે છે

૧૮૨ – મનને સ્વચ્છ રાખો.

૧૮૩ – લક્ષ્મી ચંચળ છે. અમુક પેઢીએ તો તે જવાની જ.

૧૮૪ – સ્વભાવ અતિશય ઠંડો રાખો. કાળ, કર્મ અને સ્વભાવ જીવને દુઃખ આપે છે.

૧૮૫– જે વ્યકિતના ચારિત્રની ખબર ન હોય તેવા માણસનો સ્પર્શ કરવો નહિ.

૧૮૬– જે વ્યકિતને સ્પર્શ કરો, તેના શરીરનાં પરમાણુંઓ સ્પર્શ કરતાં જ તમારા શરીરમાં દાખલ થાય છે.

૧૮૭– કલિનું સ્થાન : જુગાર, મદિરાપાન, સ્ત્રીસંગ અને હિંસા : અનુક્રમે અસત્ય, મદ, આસકિત અને નિર્દયતા.

૧૮૮ – સુવર્ણ પાપથી ઘરમાં આવે તો તે કલિનું સ્વરૂપ કહેવાય છે.

૧૮૯– અનીતિનું ધન કમાનારને તો દુઃખ આપે છે પણ જો તે વારસામાં પણ જો મુકી જાય તો તેના વારસોને પણ દુઃખ આપે છે.

૧૯૦ – કોઈ સંત જપ ધ્યાનમાં બેઠા હોય, તો તેમની પાસે જશો નહી. જાઓ તો વંદન કરીને ચાલ્યા આવજો પરંતુ તેમની સાથે લૌકિક વાત કરશો નહી.

# જ્ઞાનમંજરી

(૧૦૧) કાંકરિયા તળાવ અને નગીનાવાડી કોણે બંધાવ્યા હતાં ? – કુતુબુદીન અહમદશાહ.

(૧૦૨) સલ્તનત સમયમાં ઘોડાનાં સોદાગરોનાં મુખ્ય કેન્દ્ર તરીકે ગુજરાતનું કયું નગર – પ્રખ્યાત હતું ?:–ખંભાત

(૧૦૩) સલ્તનત સમયમાં ગુજરાતનું કયું નગર પશ્ચિમ ભારતનું ગળીનું મુખ્ય કેન્દ્ર હતું ? – સરખેજ

(૧૦૪) કયા ઈતિહાસકારે સલ્તનયુગીન અમદાવાદને 'દુનિયાનું બજાર' કહીને બિરદાવ્યું છે ? :– અબુલ ફઝલ.

(૧૦૫) માંડલિક મહાકાવ્ય'ની રચના કોણે કરી હતી ? – કવિ ગંગાધર.

(૧૦૬) ઈતિહાસપ્રસિદ્ધ 'ભમરિયો કુવો' કયાં આવેલો છે ? :– મહેમદાવાદમાં

(૧૦૭) સલ્તનતયુગીન "દાદા હરિની વાવ" અમદાવાદનાં કયાં વિસ્તારમાં છે ?:– અસારવા.

(૧૦૮) અમદાવાદની સુપ્રસિદ્ધ શિપ્રીની મસ્જિદ (મસ્જિદે નગીના) કોણે બંધાવી હતી ? : રાણી અસની

(૧૦૯) અડાલજની સુપ્રસિદ્ધ વાવ કોણે બંધાવી હતી ? : – રૂડા દેવી.

(૧૧૦) બાર જયોતિલિંગોમાં ગુજરાતના કયાં શૈવમંદિરની ગણના થાય છે ? :– સોમનાથનું મંદિર

# ઝળહળ ઝાકળ

લેખક : પ્રો. ડો. મહેન્દ્ર છત્રારા

## બારણે ટકોરા !

ગંધ નાસિકા દ્વારા પરખાય, દેખાય નહી. શબ્દ કાન વડે સંભળાય, પણ દેખાય નહી. ફેફસામાં હવા ભરાય, પણ દેખાય નહી. જીવનને ટકાવી રાખનારા આ સૌ અદ્રષ્ટ અગોચર છે, તેથી જ અલૌકિક છે.

તે જ પ્રમાણે આપણાં અંતરનાં દ્વાર પર અદ્રષ્ટ–અશ્રાવ્ય ટકોરા પડતા રહે છે. "જાગતા નરે"ને તેની અનુભૂતિ થાય છે.. કોઈ "જાગી" જાય છે. મોટાભાગના તો બારણે પડે ટકોરા, ત્યારે બોલાવે નસકોરાં ! સંસારી ઘેનમાં ઘોરતા રહે. અધ્યાત્મ – પરોઢે વાગતા ટકોરાએ જાગી જનારા તો જગત જીતી ગયા છે.

# જાણવા જેવું...

(૧) ભારત દેશની રાષ્ટ્રીય રમત કઈ છે ?

(એ) કેકેટ (બી) કબ્ડી (સી) હોકી

(૨) કયુ બીજ એક દળી બીજ છે દે

(એ) વાલ (બી) વટાણા (સી) ઘંઉ

(૩) અમેરીકા દેશનું ચલણી નાણું કયું છે ?

(એ) પાઉન્ડ (બી) યેન (સી ) ડોલર

(૪) જવાહલાલ નહેરૂનો જન્મ કયા નામે ઓળખાય છે ?

(એ) યુવાનદિન (બી) બાલદિન (સી) નહેરૂદિન

(૫) યમરાજાએ કયા નાના બાળકી મૃત્યુંનું રહસ્ય સજાવ્યું હતું.

(એ) નર્ચિકતા (બી) ધ્રુવ (સી) ઉપમ્ન્યું

(૬) લખૈનેવ શહેર કઈ નદી કીનારે આવેલ શહેર છે ?

(એ) ગંગા (બી) યમુના (સી) ગૌમતી

(૭) સ્વામી દયાનંદ સરસ્વતીએ કઈ સંસ્થા સ્થાઈ હતી ?

(એ) આર્ય સમાજ (બી) પટેલ સમાજ (સી) ત્રિવેદી સમાજ

**જવાબ : (૧) હોકી, (૨) ઘઉ, (૩) ડોલર, (૪) બાલદિન, (૫) નચિકિતા, (૬) ગૌમતી, (૭) આર્ય સમાજ**

**– સુર્યશી પ્રવિણભાઈ શેખવા (ધો.૫ રૂપાયતન શાળા)**

# કરચલાને જોયો છે ?

## આવો જાણીએ કરચલા વિશે



કરચલો એ પાણીમાં / જમીનપર રહેતું એક પ્રકારનું જીવ છે. એક સંબંધિત સમાનાર્થી કરચલાનું માંસ છે. તેઓ જગતનાં બધા મહાસાગરોમાં, તાજા પાણીમાં અને જમીન પર વસે છે, સામાન્ય રીતે તેના અંગો જાડા કવચમાં આવરેલા હોય છે. અને એક જોડ પંજા હોય છે.

કરચલાનું શરીર સામાન્ય રીતે જાડા કવચથી આવરી લેવામાં આવેલું છે. જે મુખ્યત્વે અત્યંત ખનિજીકૃત ચીટિનનાં બનેલા છે, અને પંજાનાં એક જોડ સાથે સશસ્ત્ર છે. કરચલા વિશ્વનાં તમામ મહાસાગરોમાં જોવા મળે છે. જયારે ઘણા કરચલા તાજા પાણીમાં અને જમીન પર પણ થાય છે. તેઓ ખાસ કરીને ઉષ્ણકટિબંધીય વિસ્તારોમાં રહે છે. કરચલા કદમાં અલગ અલગ હોય છે. જે થોડીક મિલીમીટરથી અમુક મીટર સુધી થાય છે. જાપાનીઝ સ્પાઈડર કરચલા ૪ મીટર (૧૩ ફુટ) સુધીની લંબાઈનાં થાય છે. કરચલાનાં આશરે ૮૫૦ પ્રજાતિઓ છે, તેઓ સમગ્ર વિશ્વમાં ઉષ્ણકટિબંધીય અને અર્ધ – ઉષ્ણકટિબંધીય પ્રદેશોમાં જોવા મળે છે.

# ગીત : સહુને આવા પપ્પા મળજો જે ખભ્ભે બેસાડે...



રસ્તા બસ્તા ખાડા–ખબડા કાંઈ ન આવે આડે  
મારા પપ્પા ખભ્ભે બેસાડી દુનિયા દેખાડે  
મારા પપ્પાનો ખભ્ભો તો ઉંચુ ઉંચુ ઝાડ  
એને સહેજે ભાર ન લાગે મજબુત જાણે પહાડ  
હું જો બૂમો પાડું તો એ સાથે બૂમો પાડે  
ખભ્ભે બેસી જિરાફભાઈને બાંધી દઉ હું ટાઇ  
મારી સાથે પપ્પા છે તો અઘરું કયાં છે કાંઈ  
સહુને આવા પપ્પા મળજો જે ખભ્ભે બેસાડે

# : ગીત : રૂપેરી ચાંદનીમાં...

રાત રૂપેરી ચાંદનીમાં રાત આખી ન્હાતી  
સપનાની મલકમાં રાત મીઠું ગાતી  
**રૂપેરી ચાંદનીમાં...**  
પરીઓના દેશમાં છલકાતી ચાંદની  
રાજા મહારાજાની મોસમ છે લાખની  
**રૂપેરી ચાંદનીમાં...**  
તારાના ઝૂમખાઓ રાત લઈ ફરતી  
ચાંદી શા હરણાની સવારી કરતી  
**રૂપેરી ચાંદનીમાં...**  
અંગોમાં ઉછળે છે શ્વાસોની ભરતી,  
પાંપણમાં સપનાઓ સંકોરી ઢળતી  
**રૂપેરી ચાંદનીમાં...**

# હસવાની મનાઇ છે

(૧) "મનુએ ઝાડ જ ન કાપ્યું પણ કાપીને એની કબૂલાત પણ કરી. છતાં તને ખબર છે, તેના પપ્પાએ તેને શું કામ સજા ના કરી ?"  
"કારણ કે કુહાડી હજુ પણ મનુના હાથમાં જ હતી..."

(૨) "તારી પાસે બાઈક છે એટલે અછોડાચોર તુંજ છે."  
"હું અછોડાચોર નથી, સાહેબ..."  
"બાઈક છે છતાં તું આવું કહી જ કઈ રીતે શકે ?"  
"કારણકે હું બાઈકચોર છું..."

(૩) "જમાદાર સાહેબ ! ભૂખ્યો છું કંઈ આપો ને...!"  
"ભીખ માગવી એ ગુનો છે તે નથી જાણતા ?"  
"એટલે તો તમારી પાસે માંગું છું..."

(૪) કયાં જાય છે ? ટીનાના પપ્પાએ કહયું...  
"ટયુશન કલાસમાં...."  
ટીનાના પપ્પાએ કહયું, "વેકેશનમાં ?"  
"તે તો સ્કૂલ શરૂ થયા પછી પડશે!"


# આ મારું ચિત્ર છે



**કથીરીયા જીલ વિપુલભાઈ**  
**(ધો.૭–શ્રી પાણીયા પ્રાથમિક શાળા)**



**બસીયા વિશ્વજીત વિ.**  
**(ધો.૭–શ્રી મોટા માંડવડા પ્રાથમિક શાળા)**



**રાઠોડ પાર્થ એચ.**  
**(ધો.૮–રૂપાયતન પ્રાથમિક શાળા)**



**બસીયા વિશ્વજીત વિ.**  
**(ધો.૭–શ્રી મોટા માંડવડા પ્રાથમિક શાળા)**

# સાવરકુંડલા ખાતે દાન મનોરથ અને સમૂહમાળા પહેરામણી મનોરથ યોજાયા






શ્રી મહાપ્રભુજી બેઠકજી ટ્રસ્ટ સાવરકુંડલા દ્વારા આજરોજ દાનમનોરથ તેમજ સમુહમાળા પહેરામણી મનોરથ આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં સવારે ઘણા જ વૈષ્ણવોએ શ્રી પૂરૂષોતમલાલજી મહારાજશ્રી જનાના સાથે પધારેલાને બ્રૅહામસબંધ આપી ઘણા જ જીવોને શરણે લીધા હતા. ત્યાર બાદ રાજભોગ સમયે શ્રી મહાપ્રભુજીને દાનમનોરથ ધરવામાં આવેલ હતો. ત્યાર પછી હજારો વૈષ્ણવોએ આ દાનના દિવસો ચાલતા હોય આવા અલૌકિક સમયે દરેક હાજર રહેલા તમામ વૈષ્ણવોએ જનાના સાથે સ્વહસ્તે દાન આપી ધન્યતા અનુભવી રહ્યાં હતા. સાંજના સમૂહમાળા પહેરામણીના કાર્યક્રમમાં પૂજયપાદ ૧૦૮ ગૌસ્વામી શ્રી અનુર્ગહલાલજી મહોદયશ્રી સાનિધ્યમાં યોજાયેલ જેમાં મોટી સંખ્યામાં વૈષ્ણવોએ હાજર રહી જેઓના વડીલો જે ગેલેકવાસ પામ્યા હોય તેવા ૨૪ પરિવારોના વડીલોના માળા પહેરામણી કૅંમ કરાવી ગૌલૌકધામ સુધી જયશ્રીકૃષ્ણ પહોંચાડયા હતા. આવા અલૌકિક અવસરે ઘણા વૈષ્ણવોએ તેમના વડીલોના મોક્ષાર્થે બેઠકજીની ગૌશાળામાં ઉદાર મનથી રકમો આપી હતી. અલૌકિક અવસરે અમરાપુર કીર્તન મંડળી તેમજ સાવરકુંડલા તાલુકાના નજરાણા સમાન ગોપાલભાઈ કીર્તનયા સુરજવડીવાળાએ વૈષ્ણવોના મન હરી લીધા. સુંદર ભાવભર્યા કીર્તનોનુ ગાન કરી મુખ્ય મનોરથી દીપકભાઈ મશરૂના અનુરોધથી શ્રી યમુનામહારાણીજીના પયપાન કંઠી ચરણાર્મત દરેક વૈષ્ણવોને લેવરાવીને માળા પહેરામણીનો ક્રમ આપની આજ્ઞાથી આપના સાંનિધ્યમાં ચાલૂ કરાવેલ જેનુ સંચાલન ગોપાલભાઈ તથા મુકુંદભાઈ ચંદારાણા તથા વિજયભાઈ વસાણીએ કરાવતા વૈષ્ણવો મનોમનથી ખુબજ સંતોષની લાગણી અનુભવી હતી. આવા અલૌકિક મનોરથમાં પોતાના વડીલોના જયશ્રીકૃષ્ણ સમયે હજારો વૈષ્ણવોની હાજરી જે કહેવાય છે કે હરી ગુરૂને વૈષ્ણવોની હાજરી તેમજ વિશેષ શ્રી મહાપ્રભુજી બેઠકજીના સાંનિધ્યમાં યોજાયેલ જેનાથી દરેક મનોરથીઓ પોતાને ખૂબ જ ભાગ્યશાળી સમજવા લાગ્યા હતા. હાજર રહેલા તમામ હજારો વૈષ્ણવોએ મહાપ્રસાદનો લાભ લીધો હતો. સમર્ગ મનોરથના મુખ્ય મનોરથી દીપકભાઈ દીનકરરાય મશરૂ પરિવાર હતા જેઓએ હર્ષની લાગણી સાથે બેઠકજી કમિટિનો આભાર માનેલ હતો. વિશેષમાં આ મનોરથમા વૈષ્ણવો મુંબઈ તથા સુરતથી તેમજ દુર દુરથી આ મનોરથમાં જોડાણા હતા. સાચો આનંદ, સાચી ભકિત સૌરાષ્ટ્રમાં જ છે. અમરેલી વલભકુળ પરિવાર વૈષ્ણવો માટે સતત ચીંતીત રહી આવા સુંદર આયોજનો બેઠકજી કમિટિ દ્વારા કરાવતા રહે છે. સાવરકુંડલા બેઠકજી ઉપર આગામી ઉત્સવોમાં કારતક શુદ ૫ ના રોજ શ્રી યમુનાપાન (ભાઈબીજ) ખીચડીખેલ મનોરથ છે જેના મનોરથી અશોકભાઈ ઓધવજીભાઈ માધવાણી પરિવાર છે તથા તારીખ ૧૬/૧૨/૨૩ ના રોજ શ્રી મહાપ્રભુજીને અનકુટ ધરાવવામાં આવશે જેના મનોરથી માધવાણી ખાતર (લીખાળાવાળા) પરિવાર છે. સાથોસાથ તે દિવસે વૈષ્ણવો માટે થઈને વૈષ્ણવો એકી સાથે મોટી સંખ્યામા એક સાથે બેસી પ્રસાદ લઈ શકે તે હેતુથી પ્રસાદ ઘરનુ ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ ઉત્સવોમાં સમગ્ર અમરેલી વલભકુળ પરિવાર હાજર રહેશે. આ તકે બેઠકજીની દરેક કમિટિ, દરેક મનોરથીઓનો તેમજ ખાસ અમરેલી વલભકુળ પરિવાર શ્રી દ્વારકેશલાલજી મહારાજશ્રી તથા શ્રી પુરૂષોત્તમ લાલજી મહારાજશ્રી પરિવારનો આભાર માનેલ છે. વ્યવસ્થાપક કમિટિના ભાઈ વિજયભાઈ રાજુભાઈ, વલભભાઈ કાંતીભાઈ, હસુભાઈ અરવિંદભાઈ, કનુભાઈ તથા દરેક કમિટિના સભ્યો સાથોસાથ વિનંતી કરે છે કે હરહંમેશ વૈષ્ણવો સહકાર આપે છે આગામી ઉત્સવોમા પણ વૈષ્ણવ સમાજ તન, મન, ધનથી સહકાર આપતા રહે તેવી આશા વ્યકત કરેલ છે તથા દેશ–વિદેશના દરેક ખુણા સૂધી સાવરકુંડલા બેઠકજીના દરેક ઉત્સવોની જાણ, વિગતો મીડીયા તથા પ્રેસ રીપોટરના સહકારથી દરેક ન્યુઝથી વૈષ્ણવોને મળતા તન, મન, ધનથી સહકારના સંદેશાઓ અમારી વ્યવસ્થાપક કમિટિની મળવા લાગે છે જે તમામનો આભાર માનીએ છીએ. બેઠકજી કમિટી વતી રાજુભાઈ શીંગાળાની યાદી જણાવે છે.

પાના ૮ ઉપરનું ચાલું
## સાવરકુંડલાનાં લલ્લુભાઈ શેઠ

લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં નિઃશુલ્ક ઓપરેશન કરીને દર્દીઓને પીડામુકત કર્યા હતા જેમાં ગાયનેક વિભાગના ડોકટર અધેરા, મેડિકલ ઓફિસર મીરા તેરૈયા, એનેથેટિસ્ટ ડો. સોની, ઓટી આસિસ્ટન્ટ ઉષાબેન, જાહ્નવીબેન અને હેતલબેન દ્વારા સારવાર આપીને દર્દીને સંપૂર્ણ સાજા કરવામાં સુંદર સેવાચાકરી કરનારા ડોકટરો અને સ્ટાફને શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ટ્રસ્ટી ગણ દ્વારા બિરદાવવામાં આવ્યા હતા.

પાના ૮ ઉપરનું ચાલું
## દુષ્કર્મ કરનાર શખ્સને આજીવન કેદ

સ્પેશ્યલ પોકસો કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને આજીવન કારાવાસની સજાનો ધાક બેસાડતો ચુકાદો આપી તથા રૂપિયા ૧.૩૦ લાખના દંડની સજાનો હુકમ કરેલ હતો અને દંડની રકમ ભોગ બનનારને વળતર તરીકે ચુકવવા આદેશ કર્યો હતો.

આ બનાવમાં પ્રાપ્ત વિગત મુજબ અમરેલીની ખાનગી ટ્રાવેલ્સની બસમાં કંડકટર તરીકે નોકરી કરતો કમલેશ ઉર્ફે બોમ્બે ભગવાનજી ચિત્રોડા નામના ૨૬ વર્ષિય શખ્શ વિરૂધ્ધ જે તે સમયે પોલીસમાં નોંધાયેલ ફરિયાદ મુજબ આ હવસખોર શખ્શે પોતે જે બસમાં નોકરી કરતો હતો તે બસ જે સથળે પાર્કિંગ કરવામાં આવતી હતી ત્યાં જ એક સગીરાને પોતાની પ્રેમની માયાજાળમાં ફસાવી હતી સને ૨૦૧૭ની સાલમાં સગીરાની જાતીય સતામણી કરી છેડતી કરતો હતો. બાદમાં લલચાવી ફોસલાવી પોતાના હાથમાં બ્લેડ વડે ચીરા પાડી સગીરાના પિતાને ફસાવી દેવાની ધમકી આપી તથા સગીરાના અશ્લીલ ફોટા પાડી ધાક ધમકી આપી અવાર નવાર દુષ્કર્મ આચરેલ હતું

જે અંગેનો કેસ અમરેલીના ચોથા એડી. ડીસ્ટ્રીક એન્ડ સેશન્સ તેમજ સ્પે.પોકસો કોર્ટના જજ વાય.એ. ભાવસારે સરકારી વકીલ જે.બી. રાજગોરની ધારદાર દલીલ માન્ય રાખી દલીલોના આધારે આરોપી કમલેશ ઉર્ફે બોમ્બે ભગવાનજી ચિત્રોડાને આજીવન કેદ અને જુદી જુદી કલમો હેઠળ રૂપિયા ૧.૩૦ લાખના દંડની સજાનો હુકમ કરેલ હતો અને દંડની રકમ ભોગ બનનારને વળતર તરીકે ચુકવવા આદેશ કર્યો હતો.

### ખાદ્યતેલના વધેલા ભાવથી ગૃહિણીઓ પરેશાન હતી
## તહેવારો સમયે સિંગતેલના ભાવમાં ઘટાડાથી ભારે રાહત

અમદાવાદ, તા.૧૩

ગુજરાતમાં છેલ્લા ઘણા દિવસથી ખાદ્યતેલનાં વધી રહેલા ભાવથી ગૃહણીઓનું બજેટ ખોરવાયુ હતું ત્યારે હવે તહેવારો નજીક આવી રહ્યા છે તે સમયે જ ખાદ્યતેલના ભાવમાં ઘટાડો થતા ગૃહિણીઓને રાહત મળી છે. ગુજરાતમાં ખાદ્યતેલના ભાવ સતત વધતા સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા ૩૦૦૦ હજારને પાર થયો હતો ત્યારે હવે ખાદ્યતેલના ભાવમાં આ સપ્તાહમાં ફરી એકવાર ઘટાડો થયો છે. બે દિવસ પહેલા સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા ૨૯૩૦ હતો જેમાં ફરી એકવાર રુપિયા ૨૦નો ઘટાડો થતા નવો સિંગતેલના ડબ્બાનો નવો ભાવ રુપિયા ૨૯૧૦ થયો છે. સૌરાષ્ટ્રના યાર્ડમાં નવી મગફળીની આવકના પગલે ખાદ્યતેલના ભાવમાં ઘટાડો નોંધાઈ રહ્યો છે. હજુ પણ મગફળીની યાર્ડમાં આવક ચાલુ છે ત્યારે આગામી સમયમાં પણ સિંગતેલના ભાવમાં ઘટાડો જોવા મળે તેવી શક્યતાઓ છે. છેલ્લા એક સપ્તાહથી ભાવમાં થઈ રહેલા ઘટાડાથી લોકોને રાહત મળી છે. આ પહેલા સિંગતેલમાં રુપિયા ૧૫નો ઘટાડો થયો હતો જેને પગલે સિંગતેલના ભાવ ૨૯૩૦ થયો હતો. રાજ્યમાં થોડા દિવસો બાદ નવરાત્રી અને ત્યારબાદ દિવાળીનો તહેવાર નજીક છે ત્યારે સિંગતેલના ભાવમાં ઘટાડો થતા મધ્યમ વર્ગને મોટી રાહત મળી છે. યાર્ડમાં હરાજીમાં મગફળીના ૧૦૩૫થી ૧૪૪૦ બોલાયા છે.

પાના ૧ ઉપરનું ચાલું
## સગીરાનું સર્પદંશથી મોત

મુકેલ. મૃતક કિંજલની અંતિમ યાત્રામાં આજુ બાજુના ગામના લોકો અને કોળી સમાજના અગ્રણીઓ અને કાર્યકરો જોડાયા હતાં. ગરીબ પરિવારમાં બનેલ આ કરૂણ બનાવથી ભાકોદર ગામ હીબકે ચડયું હતું. આ પરિવારને ફૂલ નહિ તો ફુલની પાંખડી મદદરૂપ થવા વિનંતી કરવામાં આવી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી લોકસભા ચૂંટણીમાં

પૂર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત, અંબરીશ ડેર અથવા તો પ્રદેશ કોંગ્રેસ મહિલા સમિતિનાં પ્રમુખ જેનીબેન ઠુંમરમાંથી કોઈ એકની પસંદગી થઈ શકે તેમ છે. જો મહિલા ઉમેદવારની પસંદગી થાય તો જેનીબેન ઠુંમર સિવાય કોંગ્રેસ પાસે કોઈ વિકલ્પ નથી અને ઓબીસી વર્ગમાંથી પસંદગી થાય તો અંબરીશ ડેર અને પાટીદાર સમાજને પ્રાધાન્ય આપવાની રણનીતિ બને તો પ્રતાપ દુધાત ઉપર પસંદગીનો કળશ ઢોળાશે તેવું લાગી રહ્યું છે.

અમરેલી લોકસભાની ચૂંટણીનો જંગ ઐતિહાસિક બને તેવું વાતાવરણ ધીમે–ધીમે જામી રહ્યું છે. જો કે ભાજપ ધ્વારા પણ આ બેઠક જાળવી રાખવા આકાશ–પાતાળ એક કરાશે તેમાં શંકાને કોઈ સ્થાન નથી.

પાના ૮ ઉપરનું ચાલું
## માર્ગો માટે રૂપિયા ૨૪૦ લાખ મંજુર

રૂપિયા ૨૪૦ લાખનાં રોડનાં નવીનીકરણનાં કામોની ભેટ મળી છે. જે પૈકી અમરેલી તાલકુાનાં દેવળિયા ગામનાં દેવળિયા એપ્રોચ રોડનું રૂપિયા ૧૫૦ લાખનાં ખર્ચે ખાસ અંગભુત યોજના હેઠળ સરકાર દ્વારા જોબ નંબર ફાળવી નવીનીકરણનું કામ મંજુર કરવામાં આવેલ છે. બીજું કામ અમરેલી તાલુકાનું અમરપુર વરૂડી, વેણીવદર, પીપળલગ, દહિંડા, રાંઢીયા રોડનું નવીનીકરણનું કામ જોબ નંબર ફાળવી રૂપિયા ૯૦ લાખનાં ખર્ચે મંજુર કરવામાં આવેલ છે.

દેવળિયા એપ્રોચ રોડ જે હાલ અત્યારે ૩.૭૫ મીટર પહોળો છે. એની જગાએ આ રોડ હવે ૫.૫૦ મીટર પહોળો બનશે. જેથી લોકોની સુખાકારીમાં વધારો થશે. આમ ઉપરોકત બન્ને રસ્તાનાં કામો મંજુર થતાં ટુંક સમયમાં આ બન્ને રસ્તાનાં કામોનું નવિનીકરણ હાથ ધરાશે. આ બન્ને કામોમાં રૂપિયા ૨૪૦ લાખની રકમ મંજુર થતાં આ ગામોનાં લોકોમાં આનંદની લાગણી ફેલાઈ છે.


## સંકુલ સ્પોર્ટસ સ્ટાફ જોઈએ છે.

★ ધો. ૬ થી PG સુધીની એટલે કે સ્કૂલ – કોલેજ ની ગર્લ્સ ને જીલ્લા – રાજય અને યુનિવર્સિટી ની સ્પર્ધા માટે ટ્રેઈન કરી શકે તેમજ સ્પર્ધા માં ભાગ લેવરાવી શકે તેવા સ્પોર્ટસ ટીચર જોઈએ છે.

★ રસ ધરાવતા ઉત્સાહી લેડીઝ ઉમેદવારે સંપર્ક સાધવો.

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થા:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન-૦૨૭૯૨-૨૩૨૩૨૧ થી ૨૬ Ad065


## અવસાન નોંધ

**પાંચતલાવડા :** રાજકીય અને સહકારી અગ્રણી સુરેશભાઈ ખુમાણ અને વિક્રમભાઈનાં ભાઈ મુળુભાઈનાં ધર્મપત્ની અને સહકારી મંડળીનાં મંત્રી જયદીપભાઈનાં માતૃશ્રીનું તા. ૧૩/૧૦ને શુક્રવારનાં રોજ અવસાન થયેલ છે.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૪૧૦ | ૧૪૯૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૦૦ | ૧૦૫૮ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૧૫૪૧ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૪૫૧ |
| ૩ | તલ સફેદ | ૨૮૦૦ | ૩૧૬૦ |
| ૪ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૨૦ |
| ૫ | કપાસ | ૧૩૨૫ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૭૨ |
| ૭ | ઘઉં ટુકડા | ૪૭૫ | ૫૯૬ |
| ૮ | બાજરો | ૩૨૫ | ૪૧૧ |
| ૯ | જુવાર | ૯૫૨ | ૧૧૨૦ |
| ૧૦ | મકાઈ | ૪૫૦ | ૫૮૧ |
| ૧૧ | મગ | ૧૩૦૦ | – |
| ૧૨ | અડદ | ૧૩૫૧ | ૧૬૬૧ |
| ૧૩ | ચણા | ૧૦૦૦ | ૧૧૭૫ |
| ૧૪ | તુવેર | – | ૨૨૫૧ |
| ૧૫ | રાયડો | ૮૮૫ | ૯૦૪ |
| ૧૬ | ગમગુવાર | – | ૮૩૦ |
| ૧૭ | સોયાબીન | ૭૫૦ | ૮૭૦ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૧ | ૧૨૭૫ |
| ૨ | શિંગ મોટી | ૯૮૬ | ૧૩૬૦ |
| ૩ | તલ સફેદ | ૧૫૦૦ | ૩૩૭૪ |
| ૪ | તલ કાળા | ૨૯૨૦ | ૩૨૨૦ |
| ૫ | બાજરો | ૩૪૪ | ૪૧૦ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૩૦ | ૬૦૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૫૦ | ૬૨૯ |
| ૮ | મગ | ૧૪૧૦ | ૨૩૦૦ |
| ૯ | અડદ | ૧૦૦૦ | ૧૭૯૮ |
| ૧૦ | ચણા | ૭૦૦ | ૧૧૯૪ |
| ૧૧ | કપાસ | ૯૯૦ | ૧૫૩૮ |
| ૧૨ | એરંડા | ૯૦૦ | ૧૧૨૬ |
| ૧૩ | ગમ ગુવાર | ૧૦૩૦ | ૧૦૩૦ |
| ૧૪ | ધાણા | ૧૦૪૦ | ૧૩૪૦ |
| ૧૫ | સોયાબીન | ૬૫૧ | ૮૭૦ |
| ૧૬ | રજકા બી | ૨૭૪૦ | ૪૦૧૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૬ | ૧૪૯૧ |
| ૨ | મગફળી | ૧૨૦૬ | ૧૨૭૬ |
| ૩ | ઘઉં | ૫૪૨ | ૫૯૦ |
| ૪ | અડદ | ૧૪૦૧ | ૧૬૫૦ |
| ૫ | સોયાબીન | ૭૦૦ | ૮૧૫ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૫૧૨ |
| ૨ | ચણા | ૯૮૧ | ૧૧૧૦ |
| ૩ | અડદ | ૧૪૦૦ | ૧૮૧૮ |
| ૪ | સોયાબીન | ૭૦૦ | ૮૪૬ |
| ૫ | ધાણા | ૧૦૫૫ | ૧૦૯૦ |
| ૬ | મગફળી | ૧૧૫૦ | ૧૨૨૨ |
| ૭ | ગમગુવાર | ૯૭૭ | ૯૭૭ |
| ૮ | ઘઉં લોકવન | ૪૮૧ | ૫૭૮ |
| ૯ | તલ સફેદ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૧૦ | મગ | ૧૭૦૫ | ૧૭૦૫ |
| ૧૧ | લસણ | ૧૫૧૩ | ૧૬૦૦ |
| ૧૨ | જુવાર | ૩૦૦ | ૭૦૦ |
| ૧૩ | બાજરો | ૪૦૧ | ૪૦૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૫૪૦ |
| ૨ | મગફળી | ૧૧૩૦ | ૧૩૨૦ |
| ૩ | મગ | ૧૫૪૫ | ૧૭૫૫ |
| ૪ | અડદ | ૧૫૨૦ | ૧૬૮૦ |
| ૫ | ઘઉં | ૪૩૯ | ૫૫૧ |
| ૬ | ચણા | ૯૩૫ | ૧૦૧૫ |
| ૭ | બાજરો | ૩૩૫ | ૪૨૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨ | તલ સફેદ | ૨૭૦૦ | ૨૭૮૦ |
| ૩ | તલ કાળા | ૩૦૭૭ | ૩૦૭૭ |
| ૪ | કપાસ | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ૫ | બાજરો | ૩૬૬ | ૪૩૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૬૫ | ૬૩૫ |
| ૭ | જુવાર | ૫૫૨ | ૧૧૪૧ |
| ૮ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| ૯ | મગ | ૧૭૫૨ | ૧૭૫૨ |
| ૧૦ | અડદ | ૧૨૭૨ | ૧૭૦૦ |
| ૧૧ | ચોળી | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | ચણા | ૧૦૮૮ | ૧૦૮૮ |

# અમરેલી સિટી પોલીસ દ્વારા ફલેગ માર્ચ યોજાઈ



અમરેલી ખાતે સિટી પોલીસ દ્વારા પી.આઈ.વાઘેલાના માર્ગદર્શનતળે કાયદો અને વ્યવસ્થાની મજબુતી માટે ફ્લેગ માર્ચનું આયોજન થયું હતું. જેમાં મોટી સંખ્યામાં પોલીસ અધિકારીઓ અને પોલીસકમીઓએ શહેરનાં રાજમાર્ગો પર ફર્યા હતા.

સૂર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી અમેરિકામાં નજારો જોવા જબરી ઉત્કંઠા

# ભૈ વાહ : આજે આકાશમાં કંકણાકૃતિ સૂર્યગ્રહણનો અદ્દ્ભૂત નજારો જોવા મળશે

## રાજયમાં વિજ્ઞાન જાથા ગ્રહણ સંબંધી વૈજ્ઞાનિક સમજ આપશે

અમરેલી, તા.૧૩

વિશ્વના દેશો અને પ્રદેશોમાં આગામી તા.૧૪ મી ઓકટોબર શનિવારે કંકણાકૃતિ અને ખંડગ્રાસ સુર્યગ્રહણનો અવકાશી નજારો નિહાળવા જબરી ઉત્કંઠા જોવા મળે છે.

પાંચ કલાક બાવન મિનિટનો સંપુર્ણ ગ્રહણકાળ દરમ્યાન ૫ મિનિટ ૧૭ સેકન્ડની સ્થિરતા ઉપકરણો દ્વારા જોવાની તૈયારી આરંભી દીધી છે.

આ સુર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ પરંતુ વિજ્ઞાનપ્રેમીઓ, ખગોળપ્રેમી, વૈજ્ઞાનિકોએ ગ્રહણની ગતિવિધિ નિહાળવા અને સંશોધન કરવા નિયત જગ્યા, સ્થળની પસંદગી કરી લીધી છે.

ભારત જન વિજ્ઞાન જાથાની રાજય કચેરી ગ્રહણ સંબંધી વિશેષ જાણકારી આપશે. સુર્યગ્રહણ નરી આંખે જોવું અતિ જોખમી છે.

જાથાના રાજય ચેરમેન, એડવોકેટ જયંત પડયાએ જણાવ્યું કે સંવત ૨૦૭૯ ભાદ્રપદ કૃષ્ણપક્ષ અમાસને તા.૧૪ મી ઓકટોમ્બર–૨૦૨૩ના રોજ કન્યા રાશિ ચિત્રા નક્ષત્રમાં થનારૂં કંકણાકૃતિ



સુર્યગ્રહણ ભારતમાં દેખાશે નહિ જયારે આ ગ્રહણ ઉતર, મધ્ય, દક્ષિણ અમેરિકા, કોલંબિયા અને બ્રાઝિલમાં અદભૂત અવકાશી નજારો જોવા મળ વાનો છે. કંકણાકૃતિ ૫ મિનિટ ૧૭ સેકન્ડ સુધી રહેશે.

ભારતી સમય મુજબ ભૂમંડલે ગ્રહણ સ્પર્શ : ૨૦ કલાક ૩૩ મિનિટ ૩૫ સેકન્ડ, ગ્રહણ સંમીલનઃ૨૧ કલાક ૪૦મિનિટ ૯ સેકન્ડ, ગ્રહણ મધ્ય : ૨૩ કલાક ૨૯ મિનિટ ૨૭ સેકન્ડ, ગ્રહણ ઉન્મીલન : ૨૫ કલાક ૧૮ મિનિટ ૫૬ સેકન્ડ, ગ્રહણ મોક્ષ : ૨૬ કલાક ૨૫ મિનિટ ૧૧ સેકન્ડ, પરમ ગ્રાસ– ૦.૯૫ રહેશે.

જાથાના જયંત પંડયા વધુમાં જણાવે છે. કે પૃથ્વી ઉપર હજારો ચંદ્ર, સુર્ય ગ્રહણો પસાર થઈ ગયા છે. માત્ર ખગોળીય ઘટના છે. તેવું વિજ્ઞાનની મદદથી સાબિત કરવામાં આવશે. ભારતમાં સદીઓથી ગ્રહણ સમયે દાયકાઓ જુની રદી દંતકથાઓ, માન્યતાઓ, પરંપરાઓનો આધાર મુકી માત્રને માત્ર ગુમરાહ કરવાનું કામ કરે છે. માનવીની કર્મકાંડ, ક્રિયાકાંડો, વૈધાદિ નિયમો સુતક–બુતક ઠોકી, શારિરિક, માનસિક, આર્થિક શોષણનું કામ લેભાગુંઓએ ઉભું કર્યુ છે. તેનાથી સાવધાન રહેવા જાથા ગામે ગામ જાગૃતિ અભિયાન ચલાવે છે. પૃથ્વી ઉપર દર મિનિટે સારી,ખરાબ, શુભ, અશુભ, લાભ, નુકશાન, હોની – અનહોની ઘટના ભૌગોલિક પરિસ્થિત, પાકૃતિક, કુદરતી, નિયમો અનુસાર બને જ છે. તેને કોઈ અટકાવી શકતું નથી કે રોકી શકતું નથી.

અંતમાં આજે કંકણાકૃતિ સુર્યગ્રહણ હોય અમેરિકામાં વિજ્ઞાન ઉપકરણથી સુર્યની ગતિવિધિ કંડારશે. ટી.વી. ઉપર આહલાદક જોઈ શકાશે. ભવિષ્યમાં ગ્રહણ પૂનમ–અમાસે થાય છે. તેનો સાથ છોડી ગમે તે તિથિએ ગ્રહણ જોવાનો અવસર આવનારી ભાવી પૈઢીને મળશે. જાથાની વિચારધારા સાથે સંમત લોકોએ મો.૯૮૨૫૨ ૧૬૬૮૯ ઉપર સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

આયુર્વેદાચાર્ય મહેન્દ્રસિંહ સરવૈયા માર્ગદર્શન આપશે

# બાબાપુરનાં સર્વોદય સરસ્વતી મંદિરમાં સોમવારે આયુર્વેદ કથાનું સુંદર આયોજન

## જાળિયા સેવક સમાજ દ્વારા સહયોગ કરાશે

અમરેલી, તા.૧૩

ભારતીય સંસ્કૃતિમાં પોતાની શુદ્ધ અને શાશ્વત ચિકિત્સા પધ્ધતિ તરીકે આયુર્વેદ સર્વસ્વીકૃત પ્રણાલી છે. તેમાં શારિરિક, માનસિક, સામાજિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય કેવી રીતે જાળવવું જોઈએ એનું માર્ગદર્શન કરેલું છે. આયુષ્ય માટે કલ્યાણકારી અને હાનિકારક આહાર, વિહાર અને ચાલચલનું વિવેચન કરવામાં આવેલું છે.માનવજીવનનું ધ્યેય અને સાચું સુખ શેમાં છે. તેનો પણ વિચાર કરેલો છે. આમ માનવજીવનનો સંપુર્ણતાથી વિચાર કરનારૂં અને યશસ્વી, પુણ્યમય, લાંબુ આરોગ્ય સંપન્ન જીવન કેવી રીતે જીવવું તેનું માર્ગદર્શન કરનારૂં શાસ્ત્ર એટલે આયુર્વેદ, આયુર્વેદ નિત્ય, અનાદિ, સ્થાયી અને નિરંતર ગતિશીલ એવું શાસ્ત્ર છે. આવા ઉતમ અને અનન્ય આયુર્વેદનો મહિમા અને માર્ગદર્શન લોકકલ્યાણ કાજે સો કોઈને મળી રહે તેવા ઉદાત ઉદેશ્યથી સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુર એના અમૃત વર્ષની ઉજવણી નિમિતે યોજે છે.

આયુર્વેદ પ્રત્યે સમર્પિત એવા આ આચાર્યના સાંત્વિક અને શ્રેષ્ઠ આયુર્વેદ જ્ઞાનથી દેશભરનાં લોકો લાભાન્વિત થઈ રહયા છે. તળાજા મુકામે એમનાં કર્મ ક્ષેત્ર 'અષ્ટાંગ આયુર્વેદ ઘામ'' મુકામે પ્રતિ રોજ ૩૦૦ જેટલા લોકો અસાંધ્ય બિમારીઓને અલવિદા કરી નિરામયતાનાં માર્ગે એગ્રેસર થયાં છે.

વૈદ્ય મહેન્દ્રસિંહ સરવૈયા ગામે ગામ આયુર્વેદ કથા દ્વારા આધુનિક ભાગદોડની જિંદગીમાં જાણ્યે અજાણ્યે પ્રવેશી ગયેલા રોગો જેવા કે બી.પી.ડાયાબિટીસ, ચામડીનાં રોગો, બાળકોનાં રોગો, સંધિવા, શ્વાસ, એલર્જી, મેદસ્વિતા, કેન્સર જેવા અસાંધ્ય રોગો વિશે માહિતી આપે છે. અને સાથો સાથ નિરોગી અને નિરામય જીવન જીવવાની માર્ગદર્શક સંજીવની આપે છે.

જનકલ્યાણ માટે સતત ખેવનાં રાખતી સંસ્થા સર્વોદય સરસ્વતી મંદિર, બાબાપુરના અમૃતવર્ષ નિમિતે આયોજિત આ આરોગ્ય કથાનું આયોજન સોમવારે બાબાપુર ખાતે રાખવામાં આવેલ છે.

મેચના પહેલા દિવસે બન્ને ટીમોએ જોરદાર પ્રેક્ટિસ કરી

# ભારત-પાકિસ્તાન વચ્ચે આજે અમદાવાદમાં વર્લ્ડ કપનો જંગ

અમદાવાદ, તા.૧૩

૧૪ ઓક્ટોબર શનિવારે વર્લ્ડ કપ મેચ પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચે રસાકસીભરી મેચ રમાશે. જેના માટે શુક્રવારે પાકિસ્તાન અને ભારતીય ટીમે જોરદાર પ્રેક્ટિસ શરૂ કરી દીધી છે.

આ સમયે પાકિસ્તાનનો માસ્ટર બોલિંગ પ્લાન લીક થયો છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે નેટ્સમાં મોદી સ્ટેડિયમમાં પ્રેક્ટિસ સમયે પાકિસ્તાની ટીમે સ્પોટ બોલિંગ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું. તેવામાં ભારતીય બેટ્સમેન ઘણીવાર વિક ઝોનમાં પોતાની વિકેટ થ્રો કરતા હોય છે એના પર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. તો ભારતનો વળતો પ્લાન શું હશે એના પર પણ આપણે નજર કરીએ.

અમદાવાદમાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પાકિસ્તાનનો પ્લાન લીક થઈ ગયો છે. તેમણે આ દરમિયાન સ્પોટ બોલિંગ કરીને વિરાટ, રોહિત શર્મા સામે પડકાર ફેંકવાનું નક્કી કર્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સ્પિન બોલિંગથી લઈ ફાસ્ટ બોલર્સે માત્ર વિક ઝોન હોય તેવા સ્પોટ પર જ ટાર્ગેટ કરવા માટે તૈયારીઓ કરી છે. એટલું જ નહીં સ્પિનર્સને પ્રેક્ટિસ કરાવવા માટે બોલિંગ કોચ મોર્ને મોર્કલે પણ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. એક ટપ્પો સેટ કરી એમાં જ પિચ થાય બોલ એની પ્રેક્ટિસ પાકિસ્તાની ટીમે કરી હતી.

ફાસ્ટ બોલર હોય કે સ્પીનર્સ તેમને સૌથી વધારે ઓફ સાઈડ અને મીડલ ઓફ લેન્થ પર બોલ કરવા માટે પ્રેક્ટિસ કરાવાઈ હતી. આ સમયગાળા દરમિયાન ફિલ્ડ સેટઅપ કેવી રીતે કરવું અને ભારતીય બેટ્સમેનનાં સ્ટ્રોંગ ઝોનને ધ્યાનમાં રાખી ટ્રેનિંગ શરૂ કરાઈ હતી. ઉલ્લેખનીય છે કે વનડે વર્લ્ડ કપના ઈતિહાસ પર નજર કરો તો ભારત અને પાકિસ્તાન મેચમાં ટીમ ઈન્ડિયાનું પલડું ભારે છે. અત્યારસુધી વનડે વર્લ્ડ કપની જેટલી પણ મેચ થઈ છે એમાં ભારતીય ટીમનું સ્થાન આગવું હતું. ભારતીય ટીમ જીતના આ ટ્રેક રેકોર્ડને કાયમી રાખવા માટે પાકિસ્તાન સામે ઉતરશે.

મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે શુભમન ગિલ ભારતીય ટીમના અન્ય ખેલાડીઓ કરતા પહેલા જ અમદાવાદ આવી પહોંચ્યો હતો. જ્યાં તેણે નેટ્સમાં પ્રેક્ટિસ શરૂ કરી દીધી હતી. અહીં તેણે લગભગ ૧ કલાક નેટ બોલર્સ સામે બેટિંગ કરી અને પછી કેચિંગ પ્રેક્ટિસ કરવા માટે ગયો હતો.

આ સમયે ગિલને અશક્તિ પણ નહોતી લાગી કે પ્રોપર સેશનમાં ભાગ લીધો હતો. જોકે તે પાકિસ્તાન સામેની મેચમાં પ્લેઈંગ-૧૧માં હશે કે કેમ એ સસ્પેન્સ છે પરંતુ નિષ્ણાંતો જણાવી રહ્યા છે કે મોટાભાગે ગિલના રમવાના ચાન્સ લાગી રહ્યા છે. જોકે આ અંગે કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.

ઈન્ડિયન ટીમ જ્યારે હોટેલ પહોંચી ત્યારે દરેક ખેલાડીઓનું સાલ અને તિલક લગાવીને સ્વાગત કરવામાં આવ્યું હતું. આ સમયે હાર્દિક પંડ્યા તેમના પુત્ર અગત્સ્ય સાથે બસમાંથી નીચે ઉતર્યા હતા. એટલું જ નહીં વિરાટ કોહલી અને કેએલ રાહુલનું પણ ભવ્ય સ્વાગત થયું હતું. ઈન્ડિયન ટીમે ફિલ્ડિંગ અને બેટિંગ પ્રેક્ટિસ કરવાનું શરૂ કર્યું હતું અને ત્યારપછી હવે મેચ પહેલા રણનીતિને અંતિમ ઓપ અપાઈ રહ્યા છે. વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમમાં એક દશકા કરતા વધુ સમયથી ભારત અને પાકિસ્તાન વચ્ચે ટક્કર થવા જઈ રહી છે એના માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવાયો છે.

અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમની પિચ બેટ્સમેન માટે સ્વર્ગ ગણાય છે. આ મેદાન પર બેટ્સમેન ઘણા રન બનાવે છે. અહીં બોલ અને બેટ વચ્ચે ટાઈમિંગ સરળતાથી થતું હોય છે. જેનો બેટ્સમેનો ભરપૂર ફાયદો ઉઠાવે છે. ફાસ્ટ બોલરોને પણ અહીં મદદ મળે છે. આ સિવાય જેમ જેમ મેચ આગળ વધે છે તેમ સ્પિનરો પણ ફરીથી રમતમાં આવે છે. મોટી બાઉન્ડ્રીને કારણે બોલરો અહીં મુક્તપણે બોલિંગ કરી શકે છે.

આ મેદાનમાં અત્યાર સુધીમાં કુલ ૨૯ વન-ડે મેચ રમાઈ છે, જેમાંથી પ્રથમ બેટિંગ કરનાર ટીમે ૧૬ વખત મેચ જીતી છે અને બીજી બેટિંગ કરનારી ટીમ ૧૩ વખત જીતી છે. જે પણ ટીમ ટોસ જીતશે તે પહેલા બેટિંગ કરવા માંગશે અને બોર્ડ પર મોટો સ્કોર નોંધાવવા માગશે.

# જાફરાબાદ ખાતે કિશોરી મેળો યોજાયો



અમરેલી, તા. ૧૩

જાફરાબાદ સાગર પ્રથામિક શાળાના પ્રાંગણમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી તેમજ આઈ.સી.ડી.એસ.વિભાગ દ્વારા ચાલતી 'બેટી બચાવો બેટી પઢાવો યોજના અને પૂર્ણા' યોજનાના સંયુક્ત ઉપક્રમે આયોજિત તાલુકા કક્ષાના સશકત કિશોરી સુપોશિત ગુજરાત થીમ આધારિત ભવ્ય કિશોરી મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું જિલ્લા પ્રોગ્રામ આફિસર શૈલેષભાઈ કણઝરિયાનાં માર્ગદર્શન હેઠળ આ સમગ્ર કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું 'આ કાર્યક્રમમાં જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના પી. આઈ જે.જે.ચૌધરી ખારવા સમાજ બોટ એસેસનના પ્રમુખ કનૈયાલાલ સોલંકી જાફરાબાદ તાલુકા પંચાયતના પ્રમુખએ હાજરી આપી હતી આ કાર્યક્રમમાં આઈ.સી.ડી.એસ.વિભાગ જાફાબાદ ઘટક તરફથી પધારેલ તમામ મહાનુંભાવોનું શાબ્દિક સ્વાગત અને સમગ્ર કાર્યક્રમની રૂપરેખા રજૂ કરેલ તેમજ મુખ્ય સેવિકા લીલાબેન ડી.જાદવ દ્વારા પૂર્ણા યોજનાની વિસ્તૃત માહિતી રજૂ કરી હતી સાથો સાથ આ પ્રસંગે આરોગ્ય વિભાગ, ગૃહ વિભાગ, સમાજ સુરક્ષાવિભાગ, મહિલા કલ્યાણ વિંગ, શિક્ષણ વિભાગ, બેંક વિભાગ, કૃષિ વિભાગ, વગેરે જેવા વિભાગોએ હાજર રહી અલગ અલગ નવ પ્રકારના સ્ટોલનું આયોજન કરીને હાજર રહેલ દરેક કિશોરીઓનું ગોરવ વધાર્યુ હતું.

આ પ્રસંગે તાલુકા પ્રમુખ બાલાભાઈ કોટડીયાએ ખાસ હાજરી આપી તમામ કિશોરી બહેનોને પ્રોત્સાહિત કરેલ હતી. ખાસ આભાર સાગરશાળાના પ્રિન્સીપાલ બાલુભાઈ વાઢેળ ખાસ આભાર માનવો ઘટે કે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા જરૂરી તમામ વ્યવસ્થાઓ કરી આપેલ હતી.

આઈ.સી.ડી.એસ વિભાગના બ્લોક કો–ઓર્ડીનેટર હિતેશભાઈ વાળા પીએસઈ કાજલબેન કવાડ કાર્યક્રમને સફળ બનાવવા આઈ.સી.ડી.એસ.પરિવારનાં સમગ્ર કર્મચારી ભાઈઓ અને બહેનો દ્વારા સમગ્ર કાર્યક્રમ સફળ બનાવવા માટે જરૂરી તમામ વ્યવસ્થા સાંભળવામાં આવી હતી તેમજ જાફરાબાદ આઈ.સી.ડી.એસ.નાં તમામ આંગણવાડી બહેનોનાં અમૂલ્ય પ્રયત્નો અને મહેનત થકી આ કાર્યક્રમ સફળ બન્યો હતો આ કાર્યક્રમ થકી કિશોરી શક્તિનું ગોરવ વધાર્યુ છે અને એક ભારત શ્રેષ્ઠ ભારત સશકત ભારત સૂપોશિત ભારત શિક્ષિત ભારત ના નિર્માણનાં સર્વ સહભાગી બન્યા તે બદલ તમામ આંગણવાડી બહેનોને ખુબ ખુબ અભિનંદન પાઠવવામાં આવેલ છે.

ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો સાતમો દિવસ

# ઈઝરાયેલે ૨૫૦ બંધક છોડાવીને ૬૦ આતંકવાદીઓને ઠાર કર્યા

## ઈઝરાયેલ સેનાએ તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર 'ખતરનાક ઓપરેશન' વીડિયો જારી કર્યો

તેલ અવીવ, તા.૧૩

ઈઝરાયેલ-હમાસ યુદ્ધનો આજે સાતમો દિવસ છે, ત્યારે હમાસે શરૂ કરેલું યુદ્ધ તેને જ ભારે પડી રહ્યું હોય તેવું લાગી રહ્યું છે. હુમલા બાદ ઈઝરાયેલી સેના પણ આક્રમક જવાબ આપી રહ્યું છે. સેના આતંકવાદીઓનો ખાતમો બોલાવવા અને બંધકોને છોડાવવા તમામ પ્રયાસો કરી રહી છે, ત્યારે સેનાએ તેના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પર એક 'ખતરનાક ઓપરેશન' વીડિયો જારી કર્યો છે. વીડિયોમાં સેનાએ હમાસના આતંકવાદીઓ વિરુદ્ધ એક સફળ ઓપરેશન કર્યું હોવાનું જોવા મળી રહ્યું છે.

વીડિયોમાં ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સ (આઈડીએફ)ના જવાનો એક પરિસરમાં ઘુસતા જોવા મળી રહ્યા છે. અહીં આતંકવાદીઓ દ્વારા બંધક બનાવાયેલ લોકોને સેના છોડાવી રહી છે. ૭ ઓક્ટોબરના આ ઓપરેશનનો લાઈવ વીડિયો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી સેનાએ લખ્યું છે કે, ઈઝરાયેલી સેનાએ ગાઝા સરહદ નજીક એક મોટું લાઈવ ઓપરેશન પાર પાડ્યું... આ દરમિયાન આતંકવાદીઓએ બંધક બનાવેલ ૨૫૦ લોકોને સુરક્ષિત છોડાવ્યા અને હમાસના ૬૦ આતંકવાદીઓ પણ ઠાર કર્યા.

વીડિયોમાં એક ડઝનથી વધુ સૈનિકો લોકેશન મુજબના ઈમારતમાં જતા પહેલા ઘણી ઈમારતોની અંદર જતા જોવા મળી રહ્યા છે. સૈનિકો હમાસ સરહદ ચોકીની પાછળથી ફાયરિંગ કરતા અને ગ્રેનેડ ફેંકતા જોવા મળે છે. ઘર્ષણ દરમિયાન સૈનિકોએ આતંકવાદી સંગઠન સાથે સંકળાયેલ ૬૦થી વધુ આતંકવાદીઓને ઠાર કર્યા અને લગભગ ૨૫૦ બંધકોનો સુરક્ષિત બચાવ્યા. આઈડીએફએ વધુમાં કહ્યું કે, હમાસના દક્ષિણી નૌસેનિક બ્રિગેડના ડેપ્યુટી કમાન્ડર મુહમ્મદ અબૂ અલી સહિત ૨૬ આતંકવાદીઓની ધરપકડ કરવામાં આવી. દરમિયાન ઈઝરાયલી સેનાએ હવાઈ હુમલામાં અત્યાર સુધીમાં ગાઝાના ૧૫૩૭ લોકોને મોતને ઘાટ ઉતારી દીધાના અહેવાલ મળી રહ્યા છે. જ્યારે ઈઝરાયલમાં ૧૩૦૦થી વધુ લોકોના મોતના અહેવાલ છે, જેમાં ૨૨૨ જેટલાં ઈઝરાયલી સૈનિકો સામેલ છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે તેની માહિતીમાં જણાવ્યું કે, ઈઝરાયલી હવાઈ હુમલામાં ૫૦૦ બાળકો અને ૨૭૬ મહિલાઓ સહિત ૧૫૩૭ પેલેસ્ટિનીઓ માર્યા ગયા હતા અને ૬૬૧૨ ઘવાયા હતા. માર્યા ગયેલા લોકોમાં હમાસના નાણાકીય બાબતોના પ્રમુખ અબુ શામલા, એક અન્ય વરિષ્ઠ નેતા અને ત્રણ પત્રકારો પણ સામેલ હતા. બીજી બાજુ લેબેનોનમાં સંચાલિત હિઝબુલ્લાહ સંગઠન તથા સીરિયા સાથે ઈઝરાયલની માથાકૂટ વધી ગઈ છે. હવે તેની સામે યુદ્ધના ત્રણ મોરચા થઈ ગયા છે અને તે ત્રણેય મોરચો લડત આપી રહ્યું છે. સીરિયામાં જ ઈઝરાયલે દમાસ્કસ અને એલેપ્પો શહેરમાં ઈન્ટરનેશનલ એરપોર્ટને નિશાન બનાવતાં રોકેટ હુમલા કર્યા હતા. તેમાં એક રન-વેને નુકસાન થયાના અહેવાલ મળ્યાં છે. સીરિયા ઈરાનનો સહયોગી દેશ મનાય છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# બગસરા પોલીસ સ્ટેશનમાં જિલ્લા પોલીસ વડા દ્વારા વાર્ષિક ઇન્સ્પેકશન કરાયું

બગસરા, તા. ૧૩

બગસરા પોલીસ સ્ટેશનના ગ્રાઉન્ડમાં પોલીસ પરેડ સલામી અમરેલી જિલ્લા પોલીસ વડા હિમકરસિંહ દ્વારા લેવામાં આવી હતી તેમજ બગસરા પોલીસ સ્ટેશનમાં પધારતા જ સ્કૂલની બાળાઓ દ્વારા એસ.પી.ને ચાંદલો કરી પુષ્પગુચ્છ આપી આવકાર્યા હતા. જેમાં બગસરા પોલીસ સ્ટેશનના પીઆઈ ગીડા તથા પોલીસ સ્ટાફ હાજર રહ્યા હતા ત્યારબાદ એસપી દ્વારા વાર્ષિક ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

રોગચાળો અટકાવવા માટે વિભાગનું ઉમદાકાર્ય

# અમરેલીમાં આરોગ્ય વિભાગ દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ જેવા રોગ અટકાવવા માટે ઝુંબેશ

## વિવિધ ટીમોએ ૮૩૪૫ ઘરની મુલાકાત લીધી

અમરેલી તા.૧૩

અમરેલી શહેરમાં મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનીયાના રોગની અટકાયત માટે આરોગ્ય વિભાગ દ્વારા સઘન ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. જયાં જયાં કેસ નોંધાઈ રહ્યા છે ત્યાં આરોગ્ય વિભાગદ્વારા સઘન કામગીરી કરવામાં આવી રહી છે.

આ કામગીરીમાં અર્બન હેલ્થ સેન્ટરના આરોગ્ય કર્મચારીઓ, આરોગ્ય કાર્યકરો, વેકટર કંટ્રોલ કર્મચારીઓ, અમરેલી તાલુકાના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના આરોગ્ય કાર્યકરો ડેપ્યુટ કરીને ખાસ ઝુંબેશ સ્વરૂપે કામગીરી શરૂ છે. ફ્રિજની ટ્રે, પક્ષી કુંજ, ફૂલદાનીઓમાં મચ્છરોના પોરા વિશેષ જોવા મળી રહ્યા છે. વિવિધ ટીમો દ્વારા ૮૩૪૫ ઘરની મુલાકાત કરવામાં આવેલ છે. ઉપરાંત કુલ ૩૦૫૧૬ પાત્રોની મચ્છર ઉત્પત્તિ માટે તપાસ કરવામાં આવી છે.

કુલ ૫૨૩ ઘર અને ૮૫૨ પાત્રોમાં મચ્છરના પોરા જોવા મળ્યા છે. જેનો સ્થળ પર જ નિકાલ કરાવી ૯૫૪૩ પાત્રોમાં એબેટ દવા નાંખવામાં આવી છે અને સુરક્ષિત કરવામાં આવેલ છે. મેલેરિયા, ડેન્ગ્યુ અને ચીકનગુનીયાના મચ્છર ચોખ્ખા, ખુલ્લા અને સ્થિર પાણીમાં જ ઈંડા મુકતા હોવાથી ઘરમાં પાણી સંગ્રહમાં પાત્રો, અગાસી, છત, છાજલીમાં રાખેલ જુના ભંગાર પાત્રો, ટાયરો, ફ્રિજ, કુલર, ટ્રે, નારીયેળની ખાલી કાચલીઓ, પક્ષીઓ માટે મુકવામાં આવેલ કુંજ અને પશુઓ માટે મુકવામાં આવેલ કુંડીઓ, બંધ મકાન, કોમન પ્લોટ, સાર્વજનિક જગ્યા, કોમર્શિયલ કોમ્પ્લેક્ષ સહિતના સ્થળોએ ખુલ્લામાં પડી રહેલ પાત્રો, વાસણ, ભંગારમાં પાણીનો ભરાવો થતાં મચ્છરઉત્પતિ થાય છે.

લોકો આવા સ્થાઓએ પાણીનો ભરાવો થતો રોકે જેથી રોગચાળાથી અને રોગથી બચી શકાય. લોકો સ્વંય જાગૃત્ત બને તે જરૂરી છે તેમ જિલ્લા આરોગ્ય અધિકારીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

ટેકનોલોજીનાં આધારે કામગીરીમાં ઝડપ વધતી નથી

# સાવરકુંડલા : ગરીબ વિદ્યાર્થીને શિક્ષણ ફી સોફ્ટવેરની ચુંગાલને કારણે મળતી નથી

## ઈન્ટરનેટની સમસ્યાનું નિરાકરણ જરૂરી

સાવરકુંડલા, તા. ૧૩

શાળાઓનું પ્રથમ શૈક્ષણિક સત્ર પૂર્ણ થવા આવ્યું છે. ખાનગી પ્રાથમિક શાળાઓમાં રાઈટ ટુ એજયુકેશન એકટ અંતર્ગત જે વિદ્યાર્થિઓ ફાળવવામાં આવ્યા હોય તેની ફી કેન્દ્ર સરકાર ડાયરેકટ શાળાઓનાં બેન્ક એકાઉન્ટમાં જમા કરાવતી હોય છે.

હવે આ પ્રક્રિયા કેન્દ્રથી... રાજય કક્ષાએ ત્યાંથી જિલ્લા કક્ષાએ અને ત્યાંથી તાલુકા કક્ષાએ જે તે કચેરીનાં બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર થતી આવતી હોય છે.

તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી પોતાનાં શહેર અને તાલુકાની તમામ શાળાઓનાં બેન્ક એકાઉન્ટમાં રકમ ચેક દ્વારા જમાં કરાવે, તાલુકા કક્ષા સુધી તો ગ્રાન્ટ સમયસર પહોંચી જાય, હવે ડિંડક ચાલુ થાય. ઘણીવાર તો સમય મર્યાદા બહાર જાય તો ગ્રાન્ટ પરત પણ ચાલી જાય..!! આ સિવાય ધો. ૧ થી ધો. ૮ સુધીનાં તમામ આરટીઈ બાળકોને વાર્ષિક રૂા. ૩૦૦૦/– કેન્દ્ર સરકાર ફાળવે છે.

જે વિદ્યાર્થિઓને નોટબુક, સ્ટેશનરી, વાહન ફી, યુનિફોર્મ વગેરે માટે ઉપયોગમાં આવે. પરંતુ કરમની કઠણાઈ કે આ રકમ પણ હજી સુધી વાલીઓનાં હાથમાં આવી નથી. સાવરકુંડલા સૂર્યોદય એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના ચેરમેન પ્રતાપભાઈ ખુમાણે, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી નરેન્દ્રકુમાર જોષીને ટેલીફોનીક પૂછપરછ કરતાં તેમણે જણાવ્યું કે, હજી અમે બધા PRISA સોફટવેરનો ઉપયોગ શીખીએ છીએ. પછી તમામ શાળાઓનાં સંચાલકોને પણ શીખવાડીશુ..!! ત્યારબાદ જ આર.ટી.ઈ. ગ્રાન્ટ અપાશે. અમારા ઓફિસ કર્મચારીઓના પગાર પણ અટવાયા છે, તે પગાર પણ સોફટવેર રનિંગ થાય પછી જ થશે...!!

નકકી શાળાઓની અને વાલીઓની દિવાળી આ PRISA બગાડશે એ તો નકકી જ છે...!!

સરકારે જારી કરી ચેતવણી

# Google Chrome યુઝર્સ હાઈ રિસ્ક પર છે

## હેકર્સ વપરાશકર્તાના ઉપકરણ પર કોડ ચલાવવા અને સુરક્ષાને બાયપાસ કરવાનું કામ કરે છે, જેના કારણે યુઝરની અંગત માહિતી લીક થઈ જાય છે

નવી દિલ્હી, તા.૧૩

ગૂગલ ક્રોમ યુઝર્સ માટે મહત્વના સમાચાર છે. સરકારે એક એડવાઈઝરી જારી કરીને જણાવ્યું છે કે ગૂગલ ક્રોમમાં ઘણી ખામીઓ છે. સરકારની સુરક્ષા એજન્સી કોમ્પ્યુટર ઈમરજન્સી રિસ્પોન્સ ટીમે કહ્યું છે કે દુનિયાભરના કરોડો ગૂગલ ક્રોમ યુઝર્સે સાવધાન રહેવાની જરૂર છે. તેમાં ઘણી ખામીઓ છે જે યુઝર્સના ડેટા અને સિસ્ટમને ખરાબ રીતે અસર કરી શકે છે. CERT-In એ આ બાબતને ખૂબ જ ઉચ્ચ જોખમમાં મુકી છે. આ ખામીઓ પર કામ કરવામાં આવી રહ્યું છે જેથી યુઝર્સને જોખમમાંથી દૂર કરી શકાય. CERT-In એ આ અંગે ગૂગલને જાણ કરી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે હેકર્સ યુઝરના ડિવાઈસમાં કોડને એક્ઝિક્યુટ કરવા અને સુરક્ષાને બાયપાસ કરવાનું કામ કરે છે. જેના કારણે યુઝરની અંગત માહિતી લીક થાય છે અને હેકર્સ તેનો દુરુપયોગ કરે છે. CERT-In એ આ યાદીમાં CVE-2023-4863 ને પણ સામેલ કર્યું છે, જેના દ્વારા હેકર્સ સોફ્ટવેર વર્ઝનને ખરાબ રીતે પ્રભાવિત કરી શકે છે. આવી ખામીઓથી બચવા માટે, CERT-In એ કહ્યું છે કે વપરાશકર્તાઓએ તેમનો ડેટા તરત જ સુરક્ષિત કરવો પડશે. Google Chrome અપડેટ કરો. આ માટે, ગૂગલ ક્રોમની સત્તાવાર વેબસાઈટ પર જાઓ. અહીંથી તરત જ તમારા બ્રાઉઝરને અપડેટ કરો. તેનાથી આ સમસ્યાનો અંત આવશે. Google Chrome માં બહુવિધ નબળાઈઓની જાણ કરવામાં આવી છે જે દૂરસ્થ હુમલાખોરને મનસ્વી કોડ ચલાવવાની મંજૂરી આપી શકે છે અને લક્ષિત સિસ્ટમ પર સેવાનો ઈનકાર કરી શકે છે. Cert-Inએ તેની વેબસાઈટ પર જણાવ્યું હતું. આ સાથે ક્રોમ યુઝર્સને આ બ્રાઉઝરના એડવાન્સ વર્ઝનનો ઉપયોગ કરવાની સલાહ આપવામાં આવી છે.

## ભાજપ અને કોંગ્રેસ પક્ષ દ્વારા સિનીયર નેતાઓની થશે બાદબાકી

# અમરેલી લોકસભા ચૂંટણીમાં યુવા ચહેરા વચ્ચે ટક્કર જામશે ?

**ભાજપ તરફથી મુકેશ સંઘાણી, કૌશિક વેકરિયા અથવા તો મહેશ કસવાલા ચૂંટણીજંગમાં ઉતરી શકે તેવી સંભાવના**

**કોંગ્રેસ તરફથી જેનીબેન ઠુંમર, પ્રતાપ દુધાત અથવા તો અંબરીશ ડેરમાંથી કોઈની પસંદગી સંભવ**

**લોકસભાની ચૂંટણીને હવે ૬ મહિનાનો સમય બાકી રહ્યો હોય બન્ને પક્ષનાં કાર્યકરોમાં ઉમેદવારનાં નામની ચર્ચા શરૂ**

**આગામી લોકસભાની ચૂંટણીનો જંગ ઐતિહાસિક બને તો નવાઈ પામવા જેવું નહી રહે**

અમરેલી, તા. ૧૩

અમરેલી લોકસભા બેઠકની ચૂંટણી આગામી ૬ મહિના બાદ યોજાવાની સંભાવના હોય રાજકીય ક્ષેત્રે અતિ સક્રીય અમરેલી જિલ્લાનાં ભાજપ અને કોંગ્રેસનાં ઉમેદવાર કોણ હશે, કોણ વિજેતા થશે, કેટલા મતોથી વિજેતા થશે તેની બન્ને રાજકીય પક્ષોનાં કાર્યકરોમાં અનેકવિધ અટકળો શરૂ થઈ છે.

જેમાં આગામી ચૂંટણીમાં





બન્ને રાજકીય પક્ષો સિનીયર નેતાઓને બદલે યુવા ચહેરાઓની પસંદગી કરશે તેવું સૌ કોઈ માની રહ્યું છે. જેમાં ભાજપ તરફથી સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશ સંઘાણી, અમરેલીનાં યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયા અન્યથા સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલામાંથી કોઈ એકની પસંદગી થાય તેવું સૌ માની રહ્યું છે.

બીજી તરફ કોંગ્રેસ તરફથી

**અનુસંધાન પાના ૬ ઉપર**





### યુવા ધારાસભ્ય કૌશિક વેકરિયાની જહેમતથી

## ભૈવાહ : અમરેલીનાં ગ્રામ્ય વિસ્તારનાં માર્ગો માટે રૂપિયા ૨૪૦ લાખ મંજુર

**ગ્રામ્ય વાહન ચાલકોમાં ખુશીનો માહોલ છવાયો**



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર અને જિલ્લાનાં વિકાસકામો એક પછી એક મંજુર કરાવવાનું બીડુ ઝડપ્યું હોય એમ અમરેલીનાં યુવાન ધારાસભ્ય અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયા હાલ કામ કરી રહયાનું જણાય છે. આજે અમરેલીને

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલી જતાં

## અમરેલીમાં ૧૩ વર્ષની સગીરા સાથે દુષ્કર્મ કરનાર શખ્સને આજીવન કેદ

**સરકારી વકીલ જે.બી. રાજગોરની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૧૩

અમરેલીની એક ખાનગી ટ્રાવેલ્સ બસમાં કંડકટર તરીકે નોકરી કરતા મુંબઈના એક શખ્સે અમરેલીમાં રહેતી એક ૧૩ વર્ષ, ૧૦ માસની ઉંમર ધરાવતી સગીરાને ધાક ધમકી આપી લલચાવી ફોસલાવી અવાર નવાર દુષ્કર્મ આચર્યા અંગેનો કેસ અત્રેની

**અનુસંધાન પાના ૬ ઉપર**

### જૈનમ બ્રોકિંગ લી.નાં નામે છેતરપીંડી

## દામનગરનાં પ્રૌઢને શેરબજારમાં રોકાણ કરાવવાનાં નામે ૫૭ લાખની છેતરપીંડી

**કુલદીપભાઈ શેલડીયા વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૩

દામનગર ગામે રહેતા જયેશભાઈ વલ્લભભાઈ વિસાવળીયા નામનાં ૫૧ વર્ષિય આધેડને સુરત ગામે રહેતા કુલદીપભાઈ ભાવેશભાઈ શેલડીયા નામનાં ઈસમે જૈનમ બ્રોકીંગ લીમીટેડ મારફતે શેર બજારમાં રોકાણ કરવાની અને તેમાંથી સારૂ વળતર આપવાનો ખોટો વિશ્વાસ તથા લાલચ આપી આ આધેડ તથા તેના મિત્રોનાં કુલ રૂા. ૧,૧૩,૧૨,૦૦૦ રોકાણમાં લઈ શેર બજારમાં પોતાની રીતે રોકાણ કરી વળતરનાં નામે રૂા. ૫૬,૦૮,૨૦૦ પરત આપી અને બાકી રૂા. ૫૭,૦૩,૮૦૦ પરત નહી કરી વિશ્વાસઘાત તથા ઠગાઈ કર્યાની ફરિયાદ દામનગર પોલીસમાં નોંધાઈ છે.

### દર્દીનારાયણની સેવા માટે તબીબી સ્ટાફ દિવસ–રાત ખડેપગે

## સાવરકુંડલાનાં લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરમાં લાખો રૂપિયાનાં ખર્ચે થતી સારવાર નિઃશુલ્ક થઈ રહી છે

**સુરતનાં મહિલા દર્દી સફળ ઓપરેશનથી ખૂશ થયા**



સાવરકુંડલા, તા. ૧૩

સેવા પરમો ધર્મના સૂત્રને ખરા અર્થમાં કોઈ સાર્થક સાબિત કરતી હોય તો તે છે સાવરકુંડલા શહેરમાં આવેલી શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની દર્દી નારાયણની નિઃશુલ્ક સેવાઓ. શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની નિઃશુલ્ક સેવાઓ માત્ર સાવરકુંડલા શહેર તાલુકા અને અમરેલી જિલ્લા પૂરતી નથી રહી પણ મહાનગરોમાંથી પણ સેવાના ભેખધારી ટ્રસ્ટ સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના ડોકટરો અને મેડિકલ સ્ટાફ સહિતની ભાવનાઓને કારણે દર્દીઓ સાજા થઈને નિઃશુલ્ક સેવાઓની સરાહના સાથેના આશીર્વચન પાઠવતા હોય તેમ સુરતના દર્દી રેખાબેન મકવાણાને પેટનો અસહ્ય દુઃખાવો અને લેડિઝ તકલીફની પીડાઓ અંગે શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની મુલાકાતે આવ્યા અને ડોકટરોને પોતાની આપવીતી જણાવી હતી. ત્યારે ગાયનેક વિભાગના ડોકટરો દ્વારા તમામ લેબોરેટરી, રિપોર્ટ અને સોનોગ્રાફી કરાવતા ગર્ભાશયની કોથળી ફૂલેલી અને તેમાં નાની–મોટી ૧૨ ગાંઠો જોવા મળી હતી. જેમાંથી ૨ ગાંઠો તો ૭૬×૫૮ એમ.એમ. અને ૪૬×૪૫ એમ.એમ. જોવા મળેલી અને હિમોગ્લોબીન પણ માત્ર ૬.૮% હતું. આથી પ્રથમ બ્લડની વ્યવસ્થાઓ કરીને ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું ને ઓપરેશનમાં ડોકટરો દ્વારા સફળ ઓપરેશન કરીને બન્ને ગાંઠો સહિતની સર્જરી કરીને દર્દી નારાયણને ૩ દિવસ હોસ્પિટલમાં ઈન્ડોર રાખીને આજે રજા આપતા દર્દીની આંખોના ખૂણાઓ ભીના થઈ ગયેલા હતા. લાખો રૂપિયાના થતા ઓપરેશન સામે શ્રી

**અનુસંધાન પાના ૬ ઉપર**

### સાવરકુંડલા નજીક આવેલ

## ફીફાદ ગામે દવાખાનાનાં કામે રૂા. ૪૦ હજારનાં રૂા. ૬૦ હજાર ચુકવ્યા છતાં પઠાણી ઉઘરાણી

**નાણા ધિરધાર અધિનિયમ નીચે પોલીસમાં ફરિયાદ નોંધાઈ**

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા તાલુકાનાં ફીફાદ ગામે રહેતા દિનેશભાઈ છગનભાઈ બારૈયા નામનાં ૪૧ વર્ષિય શ્રમિકને સને ૨૦૧૮માં દવાખાનાનાં કામ માટે થઈ રૂપિયાની જરૂરિયાત ઉભી થતાં તેજ ગામે રહેતા મુસાભાઈ બચુભાઈ પઠાણ પાસેથી કટકે કટકે રૂા. ૪૦ હજાર વ્યાજે લીધા હતા. બાદમાં મુદલ તથા વ્યાજ મળી કુલ રૂા. ૬૦ હજાર ચુકવી દીધા હોય તેમ છતાં આરોપીઓએ શ્રમિક પાસે રૂા. ૨૩ હજાર તથા વ્યાજની માંગણી કરી પઠાણી ઉઘરાણી કર્યાની ફરિયાદ વંડા પોલીસમાં નોંધાઈ છે.












*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)